આજનો સુવિચાર
વિવેકનું પ્રથમ કાર્ય અસત્યને ઓળખવાનું અને બીજું કાર્ય સત્યને જાણવાનું છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૧૭ જૂનાગઢ તા. ૧૪-૧૨-૨૦૨૨ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

# તવાંગ મામલે સરહદથી સંસદ સુધી લડાઈ : બંને ગૃહોમાંથી વિપક્ષનો વોકઆઉટ

## ચીને કારગીલ જેવું કાવતરૂ રચ્યું હતું પરંતુ ભારતીય જવાનોએ જોરદાર લડત આપીને ચીની સૈનિકોને ભગાડી દીધા

નવી દિલ્હી તા. ૧૪

અરૂણાચલપ્રદેશમાં તવાંગ જીલ્લામાં આવેલ એલએસી ઉપર ગત તા. ૯ ડિસેમ્બરે ભારત અને ચીનનાં સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી આ અથડામણ અંગે ગઈકાલે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે સંસદનાં બંને ગૃહોમાં સત્તાવાર નિવેદન આપ્યું હતું પરંતુ સંયુકત વિપક્ષો આ નિવેદનથી સંતુષ્ટ ન હોય સંસદમાં ચર્ચાની માંગણી કરી છે. ૧૭ વિપક્ષોએ આ મામલે આજે સરકારને સંસદમાં ઘેરી હતી અને જણાવ્યું હતું કે, સરહદ ઉપર શું સ્થિતિ છે તેની જાણકારી મળવી જોઈએ. સરકાર આ મામલે કંઈક છુપાવી રહી છે. પરંતુ ગૃહનાં સ્પીકરે વિપક્ષોની ચર્ચાની માંગણી ફગાવીદેતા કોંગ્રેસ સહિતનાં વિપક્ષોએ સંસદનાં બંને ગૃહો લોકસભા અને રાજયસભામાંથી વોકઆઉટ કર્યો હતો. આમ તવાંગ મામલે હાલમાં સરહદથી લઈ સંસદ સુધી ધમાસાણ ચાલુ રહયું છે.

દરમ્યાન અરુણાચલપ્રદેશમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થયાનો વીડિયો સામે આવ્યો છે. જેમાં ચીની સૈનિકોએ ટેમ્પરરી દીવાલ ઉપરની ફેન્સિંગ તોડીને ભારતની સરહદમાં ઘૂસવાનો પ્રયાસ કરતાં જ તૈયાર ભારતીય સૈનિકોએ જોરદાર લડાઈ કરીને ચીની સૈનિકોને ભગાડ્યા હતા.

આ વીડિયોમાં ભારતીય સૈનિક ચીની સેનાનો જોરદાર મુકાબલો કરે છે. ચીની સૈનિકોના હાથમાં લાકડી, કાંટાળા ડંડા દેખાઈ રહ્યા છે. ખભા ઉપર આધુનિક રાઈફલ લટકેલી જોવા મળી રહી છે. તેઓ પોતાની સાથે વીડિયોગ્રાફી માટે ડ્રોન પણ લઈને આવ્યા હતા. સામે ભારતીય સૈનિકો પણ કાંટાળા ડંડા લઈને ઊભા હતા.

ચીની સૈનિકો તાર તોડીને અંદર ઘૂસવાનો પ્રયાસ કરે છે ત્યારે ભારતીય સૈનિકો સામનો કરે છે અને ચીની સૈનિકોને પાછળ હટવા મજબૂર કરે છે.

વાસ્તવમાં ભારતીય સૈનિકોને પણ ચીની સૈનિકોની હરકતો ઉપર શંકા હતી અને તેઓ પણ તેમને સમાન હથિયારોથી જડબાંતોડ જવાબ આપવા માટે તૈયાર હતા. જ્યારે બંને સેના આમને-સામને આવી ત્યારે ભારતીય જવાનોએ ચીની સૈનિકોને જોરદાર ફટકાર્યા. ત્યાર પછી ડરી ગયેલી ચીની સેનાએ ત્યાંથી દોટ મૂકી. અથડામણમાં ઘણા ચીની સૈનિકોનાં હાડકાં તૂટી ગયાં હતાં, જયારે ભારતના ૬ સૈનિક ઘાયલ થયા હતા.

## બિહારમાં વધુ એક લઠ્ઠાકાંડ : છપરામાં ઝેરી દારૂ પીવાથી ૬નાં મોત : પાંચ ગંભીર

છપરા, તા.૧૪: બિહારમાં ફરી એકવાર ઝેરી દારુ પીવાથી લોકોના મોત થયા છે. છપરામાં ઝેરી દારુ પીવાથી પાંચ લોકોના મોત થઈ ગયા છે. જયારે પાંચ લોકોની હાલત અત્યંત ગંભીર છે. તેમની સારવાર હાલમાં ચાલી રહી છે. છપરાની સરકારી હોસ્પીટલમાં ભરતી અમિત રંજન નામના શખ્સનું આજે સવારે મોત થઈ ગયું હતું, અસરગ્રસ્ત લોકોની પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર ચાલી રહી છે.

ઘટનાની ગંભીરતાને જોતા સ્વાસ્થ્ય વિભાગે છપરા સદર હોસ્પીટલ માટે એક ટીમને ગામમાં રવાના કરી દીધી છે. તેમાં નિષ્ણાંત ડોક્ટરની સાથે પેરામેડિકલ સ્ટાફ પણ છે. ઝેરી દારુ પીવાથી ઈસુઆપુર હદ વિસ્તારના ડોઈલા ગામના સંજય સિંહ અને બીચેન્દ્ર રાય અને અમિત રંજન તરીકે તેમની ઓળખાણ થઈ છે. તો વળી મશરકહદ વિસ્તારના કુણાલકુમાર સિંહ અને હરેન્દ્ર રામના મોતના સમાચાર પણ આવ્યા છે. આ ઘટના બાદ ગામમાં હાહાકાર મચી ગયો છે. ડોક્ટરે સ્પષ્ટ કહ્યું છે કે, આ લોકોના ઝેરી દારૂ પીવાથી મોત થયા છે. છપરા ઉપરાંત બેગૂસરાયમાં પણ સંદીગ્ધ અવસ્થામાં એક વ્યકિતનું મોત થઈ ગયું છે. મોતબાદ પરિવારમાં માતમ છવાયો છે. પરિજનોનું કહેવું છે કે, વધારે દારુ પીવાથી તેનું મોત થયું છે. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

## ચીન સાથેની તંગદીલીમાં ભારતને અમેરીકાનું સમર્થન

વોશિંગ્ટન તા. ૧૪

ચીન દ્વારા લદાખથી જોડાયેલી અરૂણાચલ પ્રદેશ સુધીની ભારત સાથેની સિમામાં અવારનવાર કરાતી ઘૂસણખોરી તથા સરહદી ક્ષેત્રમાં લશ્કરી બાંધકામ અને ભારતીય પ્રદેશ 'કબજે' કરવાના પ્રયાસો ગત સપ્તાહથી તેવાંગ ઘટના બાદ અમેરિકી સંરક્ષણ વિભાગે આકરો પ્રતિભાવ આપતા જણાવ્યું કે ભારત એ અમેરિકાનો એક વ્યુહાત્મક ભાગીદાર દેશ છે અને ચીન સાથે સરહદી તનાવમાં અંકુશ રાખવાના પ્રયાસોમાં સંપૂર્ણ રીતે અમેરિકા ભારતની સાથે છે. અમેરિકી સંરક્ષણ વિભાગના વડામથક પેન્ટાગોનના પ્રવકતા યેટ રાયડરે પ્રેસ બ્રિફીગમાં જણાવ્યું કે અમેરિકી સંરક્ષણ વિભાગ ભારત-ચીન વચ્ચેની વાસ્તવિક અંકુશ રેખા ઉપરની પરીસ્થિતિ ઉપર સતત નજર રાખી રહ્યું છે. અમોએ એ નોંધ લખી છે કે ચીનની સેના ભારત સાથેના સરહદી ક્ષેત્રમાં મોટાપાયે લશ્કરી દળોને ગોઠવી રહ્યું છે અને લશ્કરી બાંધકામ કરી રહ્યું છે. અમેરિકા તેના સાથી દેશોની સુરક્ષા સલામતી પ્રત્યેની વચનબદ્ધતામાં કાયમ છે અને પરીસ્થિતિને તનાવમુક્ત કરવાના ભારતના પ્રયાસોને ટેકો આપીએ છીએ.

# પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવનો આજથી ભવ્ય પ્રારંભ : વડાપ્રધાનનાં હસ્તે સાંજે ૫.૦૦ કલાકે ઉદ્‌ઘાટન

## શતાબ્દી મહોત્સવ માટે ૬૦૦ એકર જમીન ઉપર વિશાળ સ્વામીનારાયણ નગરનું નિર્માણ : મહોત્સવ એક મહિનો ચાલશે : ૩ લાખ એનઆરઆઈ ભાગ લેશે

અમદાવાદ તા. ૧૪

સંત પૂજ્ય શ્રી પ્રમુખસ્વામીનો શતાબ્દી મહોત્સવનો આજથી અમદાવાદના ઓગણજ ખાતે પ્રારંભ થઈ રહ્યો છે. આ મહોત્સવ માટે સાયન્સસિટી-ઓગણજ વચ્ચે સરદાર પટેલ રિંગ રોડના કિનારે ૬૦૦ એકર જમીન ઉપર વિશાળ સ્વામિનારાયણનગર ઊભું કરવામાં આવ્યું છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના હસ્તે પ્રમુખસ્વામી મહારાજ જન્મ શતાબ્દી મહોત્સવનું ઉદઘાટન થશે. સાંજના ૫ થી ૭.૩૦ વાગ્યા સુધી ઉદઘાટન સમારોહ ચાલશે.

વડાપ્રધાન મોદી અને મહંતસ્વામીની નિશ્રામાં શાસ્ત્રોક્ત વિધિદ્વાર પૂજાપાઠ અને વિધિ કરીને રિબીન કાપીને મહોત્સવની શરૂઆત કરવામાં આવશે. પૂજ્ય મહંતસ્વામી મહારાજ સહિતના સંતો અને નવા મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ હાજર રહેશે. દેશ-વિદેશના હરિભક્તો અને મહેમાનનું સ્વાગત કરવામાં આવશે, એવું આયોજન કરવામાં આવ્યું છે.

શતાબ્દી મહોત્સવમાં સામેલ થવા માટે ૧ મહિનામાં કુલ ૩ લાખ જેટલા NRI આવશે, જેને લઈ અમદાવાદની તમામ ફાઈવસ્ટાર હોટલના ૯૦ ટકા અને અને ફોરસ્ટાર હોટલોના ૭૦ ટકા જુદી જુદી કેટેગરીના રૂમ બુક થઈ ગયા છે, એટલે કે ૨૦ હજાર રૂમનું એડવાન્સ બુકિંગ કરાવી દેવામાં આવ્યું છે. ફાઈવસ્ટાર હોટલોમાં પ્રથમ વખત સ્વામિનારાયણ ફૂડની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં, તેમના માટે હોટલોમાં ડાઈનિંગની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

અમદાવાદના ઓગણજ ખાતે ૬૦૦ એકરની વિશાળ જગ્યામાં પ્રમુખસ્વામી નગર ઉભુ કરવામાં આવ્યું છે અને પૂ. મહંતસ્વામીની નિશ્રામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે પ્રમુખસ્વામીનગરના વિરાટ પ્રવેશદ્વાર ખાતે આ ઉદઘાટન સમારોહ યોજાશે. 'બીજાના ભલામાં આપણું ભલુ અને બીજાના સુખમાં આપણુ સુખ'નો જીવન મંત્ર ધરાવનારા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના આ શતાબ્દી મહોત્સવ અંતર્ગત એક મહિનો ચાલનારા ઉત્સવમાં અનેકવિધ કાર્યક્રમોની હારમાળા યોજાવાની છે. માત્ર અમદાવાદ જ નહીં વિશ્વના અનેક દેશોમાં પણ આ મહોત્સવ અંતર્ગત કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

પ્રમુખસ્વામી નગરને અભૂતપૂર્વ શણગાર કરવામાં આવ્યો છે. નાયગ્રા ધોધની રોશનીને કેસરી રંગમાં સજાવવામાં આવી છે. લંડનમાં વેમ્બલી સ્ટેડીયમ ઉપરાંત ન્યૂજર્સી, ટોરેન્ટો, કંપાલા, લંડન, કોલકાતા, નૈરોબી, જલંધર, લુસાકા, વડોદરા, કેનબરા, પર્થ, સિડની, મેલબોર્ન, સિંગાપોર, બેંગકોક, બ્રિસબેન, જ્હોનીસબર્ગ, લોસ એન્જલસ, ડલ્લાસ સહિતના સ્થળોએ પણ શતાબ્દી મહોત્સવ અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

સાંજે પાંચ વાગ્યે ઉદઘાટન થયા બાદ ૬૦૦ એકરમાં પથરાયેલા પ્રમુખસ્વામી નગર ઉપર ત્રણ હેલિકોપ્ટર મારફત ગુલાબોથી પુષ્પવર્ષા કરવામાં આવશે. ઉપરાંત આકાશમાં કલરીંગ ફોર્મેશન પણ કરવામાં આવશે.

એક મહિનો ચાલનારા આ શતાબ્દી મહોત્સવમાં ૨૪ દેશોના વડાઓ પણ હાજરી આપવાના છે. જેને કારણે અમદાવાદ એરપોર્ટ પર ચાટર્ડ પ્લેનનો ટ્રાફીક પણ વધવાનું માનવામાં આવે છે.

## કેન્દ્ર સરકારે ૩૦ હજારથી વધુ વેબસાઈટ અને યુઆરએલ બ્લોક કરી

નવી દિલ્હી તા. ૧૪

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે સંસદમાં માહિતી આપી હતી કે સરકારે ૨૦૦૯ થી ઓક્ટોબર ૨૦૨૨ સુધી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સાથે ૩૦,૪૧૭ વેબસાઈટ્સ, યુઆરએલ, વેબપેજ અને સોશિયલ મીડિયા પોસ્ટ્સને બ્લોક કરી છે. આ કાર્યવાહી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૯A હેઠળ કરવામાં આવી છે.

અનુરાગ ઠાકુરે સંસદમાં એક લેખિત જવાબમાં આ માહિતી આપીહતી. તાજેતરમાં જ કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે સંસદમાં માહિતી આપીહતી કે સરકારે અત્યાર સુધીમાં યુઝર્સના ડેટાને કથિત રીતે એકત્ર કરવા અને તેને દેશની બહારના સર્વર ઉપર અનધિકૃત રીતે ટ્રાન્સમિટ કરવા બદલ ૩૪૮ એપ્સને બ્લોક કરી દીધી છે.

## રાજસ્થાનમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનો ટેન્ટ સળગાવવા પ્રયાસ : ૪ આરોપી ઝડપાયા

જયપુર તા. ૧૪

રાજસ્થાનમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા ૧૬ ડિસેમ્બરે ૧૦૦ દિવસ પૂર્ણ કરશે. આ દિવસે જયપુરમાં સંગીતનો કાર્યક્રમ યોજાશે. જેમાં રાહુલ ગાંધી અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ સહિત કોંગ્રેસના તમામ ૪૦ ધારાસભ્યો સામેલ થશે. કોંગ્રેસ પાર્ટીના કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના વડા જયરામ રમેશે આ જાણકારી આપી હતી. ૭ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી શરૂ થયેલી ભારત જોડો યાત્રા ૧૬ ડિસેમ્બરે ૧૦૦ દિવસ પૂર્ણ કરી રહી છે. આ દિવસે જયપુરમાં બોલિવૂડ સિંગર સુનિધિ ચૌહાણનો સંગીત કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં રાહુલ ગાંધી સહિત તમામ ભાગ લેશે. હિમાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ સહિત કોંગ્રેસના તમામ ૪૦ ધારાસભ્યો પણ આ દિવસે યાત્રાનો હિસ્સો બનશે.

## બર્નાર્ડ આર્નોલ્ટ હવે વિશ્વનાં સૌથી ધનિક વ્યકિત : એલન મસ્કે સ્થાન ગુમાવ્યું

ન્યુયોર્ક, તા.૧૪ : એક સમયે વિશ્વના સૌથી અમીર વ્યકતિ ગણાતા એલોન મસ્ક હવે ટોપ-૧૦ અબજપતિઓની યાદીમાં બીજા સ્થાને આવી ગયા છે. ફોર્બ્સ અનુસાર બર્નાર્ડ આર્નોલ્ટ એલોન મસ્કનું સ્થાન લઈ વિશ્વના સૌથી ધનિક વ્યકતિ બન્યા છે. બર્નાર્ડ આર્નોલ્ટ હવે વિશ્વના સૌથી ધનિક વ્યકિત છે. આ યાદીમાં ત્રીજા નંબરે એશિયા અને ભારતના સૌથી ધનિક વ્યકિત ગૌતમ અદાણી છે. ૫૧ વર્ષીય એલોન મસ્કની સંપત્તિ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૧૦૦ અબજ ડોલરથી વધુ ઘટીને ૧૭૭.૭ અબજ ડોલર થઈ ગઈ છે. ફોર્બ્સ અનુસાર, બર્નાર્ડ આર્નોલ્ટ લગભગ ૭૦ ફેશન અને બ્યુટી બ્રાન્ડ્સના સામ્રાજ્યની દેખરેખ રાખે છે, જેમાં લૂઈસ વિટન અને સેફોરાનો સમાવેશ થાય છે.

ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી
ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફ્ટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં.
CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.
સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

આયુર્વેદીક હેર કેર અને સ્કિનકેર પ્રોડક્ટસ


આપના જીવનમાં આયુર્વેદનાં આશીર્વાદ લાવે છે
વૃંદાવન આયુર્વેદા
એજન્સી માટે ડીલર અને ડીસ્ટ્રીબ્યુટર્સ આવકાર્ય છે
મો. ૯૭૭૩૦ ૧૫૪૯૬

શરીરનાં દુઃખાવામાં ૧૦૦% ગેરેન્ટેડ ઈલાજ
JOIN Tablet (Suvarn Yukt)

ગઠીયો વા, સંધીવા, આમવાત, હાથ-પગનાં દુઃખાવા, સાઈટીકા, સ્નાયુનાં દુઃખાવા માટે શાસ્ત્રોક્ત વૈદિક પરંપરા મુજબ હાથથી બનાવેલ
રાઘવ ચૂર્ણ
ગેસ, એસીડીટી, અપચો, જૂનામાં જૂની કબજિયાત દુર કરતું એક માત્ર ચૂર્ણ
ફાયદો ન થાય તો પૈસા પાછા ૧૦૦ ટકા ગેરંટી
સંપર્ક : ૯૧૫૭૫ ૩૬૯૯૬

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન: (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



● જૂનાગઢ : માર્શલ ટ્રેડીંગ કું. - 7069075829, 8929207342

# યાત્રાધામ દ્વારકામાં ગોમતી ઘાટ જર્જરિત હાલતમાં: યાત્રિકો પરેશાન





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

સુવિખ્યાત યાત્રાધામ દ્વારકા સ્થિત ગોમતીઘાટ જર્જરિત બનતા અહીં આવતા શ્રદ્ધાળુઓને વ્યાપક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઘાટના પથ્થરો તૂટી જતા ગોમતીમાં સ્નાન માટે આવતા ભાવિકોને હાલાકી પડી રહી છે. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકામાં ગોમતી ઘાટ માવજતના અભાવે જર્જરીત બન્યો છે. ગોમતી ઘાટ લાંબા સમયથી ક્ષીણ હાલતમાં જોવા મળી રહ્યો છે. ઘાટના પથ્થરો પણ તૂટી ગયા છે. જેના કારણે શ્રદ્ધાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ઘાટ પર પાયાની સુવિધાનો અભાવ હોવાનો સ્થાનિકો અને શ્રદ્ધાળુઓનો આક્ષેપ છે. છેલ્લા આશરે બે વર્ષથી ગોમતી ઘાટ પર ચેન્જિંગ રૂમ ન હોવાથી મહિલાઓને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. આ અંગે વારંવાર રજૂઆત છતાં કોઈ ઉકેલ લાવવામાં આવતો નથી. દ્વારકામાં વારે-તહેવારે લાખો ભકતો દર્શનાર્થે ઉમટે છે. દર્શનાર્થે આવતા ભકતો ગોમતી નદીમાં સ્નાન કરવાનો લ્હાવો અચૂક લ્યે છે. પરંતુ ગોમતીની દુર્દશા અને ગંદકી જોઈને ભક્તોમાં કચોટની લાગણી વ્યાપે છે.

**ઘાટ ઉપર મહિલા ચેંજિંગ રૂમ, સીસીટીવી સહીત પાયાની સુવિધાનો પણ અભાવ**

આ ઘાટ જર્જરિત બનતા સ્થાનિકો દ્વારા અનેક રજૂઆત કરાઈ હોવા છતા તંત્ર દ્વારા પૂરતું લક્ષ્ય આપવામાં આવતું નથી. મહિલાઓની માટે ઘાટ ઉપર મહિલા ચેન્જ રૂમ સહિતની પાયાની સુવિધાનો પણ અભાવ જોવા મળે છે. આ ઉપરાંત અહી સીસીટીવી કેમેરા પણ ના હોય, ચીક્કાર ગીર્દીના સમયે ચોરીના બનાવો પણ બનતા રહ્યા હોય છે. ત્યારે તંત્ર આ બાબતે પણ યોગ્ય કરે તે પણ જરૂરી છે.

**સ્થાનિક તંત્ર દ્વારા માવજતના અભાવે ઘાટની દયનિય હાલત**

સરકાર એક તરફ ધાર્મિક સ્થળોએ સુવિધાઓ વધારીને પ્રવાસન વધુને વધુ વિકસે તેના ઉપર ભાર મુકી રહ્યા છે. જ્યારે બીજી તરફ દેવભૂમિ દ્વારકા જિલ્લાના સ્થાનિક તંત્રની ઉદાસીનતાને કારણે આજે ઘાટની હાલત દયનિય બની છે. જર્જરીત ઘાટ હોવા છતા અહીં તંત્રની હજુ આંખ ખૂલતી નથી. ગોમતી ઘાટ ઉપર રોજ હજારો શ્રદ્ધાળુઓ દર્શન માટે આવે છે અને ઘાટ ઉપર આસ્થાની ડૂબકી લગાવી છે. પુરાણોમાં પણ ગોમતીમાં સ્નાનનું અનેરૂ મહત્વ છે. પરંતુ અહીં પાયાની સુવિધા ન હોવાથી લોકોને ભારે હાલાકી સહન કરવી પડે છે. હાલમાં ઘાટ રીપેર કરવા તજવીજ તંત્રે શરૂ કરી છે. પરંતુ અનેક ઘાટ તથા આ ઘાટ ઉપરના પગથીયાઓ પણ જીર્ણ હાલતમાં છે. ત્યારે તંત્રની આ કામગીરી ગાબડા બુરવા જેવી ના બનતા યાત્રિકોની સુવિધામાં વધારો થાય તેવી બને તેવી અપેક્ષા લોકો રાખી રહ્યા છે.

# પોક્સો એક્ટ હેઠળ દર ચારમાંથી એક કેસ રોમેન્ટિક કેસને દર્શાવે છે

નવી દિલ્હી, તા.૧૪

'પશ્ચિમ બંગાળ, આસામ અને મહારાષ્ટ્રમાં પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ ઓફ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ દર ચારમાંથી એક કેસ રોમેન્ટિક કેસ ને દર્શાવે છે, એનફોલ્ડ દ્વારા અભ્યાસમાં જ્યાં પીડિતા આરોપી સાથે સહમતિથી સંબંધમાં હોવાનું જાણવા મળ્યું હતું. એવુ પ્રોએક્ટિવ હેલ્થ ટ્રસ્ટ અને યુનિસેફ-ઈન્ડિયાએ શોધી કાઢ્યું છે. અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે લગભગ અડધા રોમેન્ટિક કેસ (૪૬.૯%) માં, છોકરી ૧૬ થી ૧૮ વર્ષની વચ્ચે હતી. તારણો ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડના કાયદા ઘડનારાઓને કિશોરોના અપરાધીકરણ પર વધતી જતી ચિંતા ને સંબોધિત કરવા માટેના કોલને પ્રતિબિંબિત કરે છે, જેઓ સહમતિથી જાતીય પ્રવૃત્તિમાં સામેલ છે. સંશોધકો સ્વાગત રાહા અને શ્રુતિ રામકૃષ્ણન દ્વારા લખવામાં આવેલા અભ્યાસમાં આસામ, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ રાજ્યોમાં ૨૦૧૬ અને ૨૦૨૦ વચ્ચે નોંધાયેલા તમામ ૭,૦૬૪ પોક્સો ચુકાદાઓ જોવામાં આવ્યા હતા અને જાણવા મળ્યું હતું કે ૧,૭૧૫ કેસોમાં, કોર્ટના દસ્તાવેજોએ ફરિયાદી અને બંને વચ્ચે સહમતિથી સંબંધ હોવાનું કબૂલ્યું હતું. ૧૦ ડિસેમ્બરના રોજ બહાર પાડવામાં આવેલા અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે ૧,૫૦૮ કેસોમાં (૮૭.૯% રોમેન્ટિક કેસ), છોકરીએ આરોપી સાથે રોમેન્ટિક સંબંધ માં હોવાનું કબૂલ્યું હતું, કાં તો તપાસના તબક્કે અથવા પુરાવાના તબક્કા દરમિયાન અથવા બંને પરપિસ્થિતિમાં કબૂલ્યુ હતું. ગુનાહિત ન્યાય પ્રણાલીની શક્તિને બદલે છોકરીઓને તેમના પરિવારની ઈચ્છા વિરૂધ્ધ સંબંધોમાં રહેવાથી નિયંત્રિત કરવા અને અટકાવવા અને છોકરીઓને જો તેઓ ભાગી ગઈ હોય તો ઘરે પાછા ફરવા દબાણ કરવા માટે વધુ વખત બોલાવામાં આવી હતી. કેટલાક કિસ્સાઓમાં, તે આરોપીને તેના લગ્નના વચનને માન આપવા માટે દબાણ કરવા માટે એક ઉપકરણ તરીકે પણ કામ કરે છે, અહેવાલમાં જણાવાયું છે. અમે તેને રોમેન્ટિક કેસ તરીકે ઓળખવા માટે અપનાવેલી સાંકડી વ્યાખ્યાને જોતાં - જ્યાં પીડિતા, તેના પરિવાર અથવા કોઈ ફરિયાદી સાક્ષીએ પ્રણય સંબંધ સ્વીકાર્યો અથવા જ્યાં અદાલતે તારણ કાઢ્યું કે તે રોમેન્ટિક છે - જો આપણે કોર્ટના નિર્ણયોમાંથી અનુમાન લગાવીએ તો આ સંખ્યા ઘણી વધારે હશે. એનફોલ્ડ દ્વારા અભ્યાસમાં ચોંકાવનારો ખુલાસો અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે દોષિત ઠરાવ માત્ર અપવાદરૂપ કેસોમાં જ નોંધવામાં આવ્યા હતા અને "રોમેન્ટિક કેસ"માં નિર્દોષ છૂટકારો સામાન્ય હતો. આ બતાવે છે કે જ્યારે કાયદો ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીરો માટે સહમતિથી થતી જાતીય પ્રવૃત્તિને માન્યતા આપતો નથી ત્યારે પણ અદાલતો આવા કેસો પ્રત્યે હળવાશથી વલણ અપનાવે છે. બાળ સુરક્ષા પર રાષ્ટ્રીય વાર્ષિક હિતધારકોના પરામર્શમાં બોલતા, સીજેઆઈ ચંદ્રચુડે આ મુદ્દા પર વધતી જતી ચિંતાને દૂર કરવા વિધાનસભાને વિનંતી કરી હતી. "જેમ કે તમે કોઈ શંકાથી વાકેફ છો, પોક્સો એક્ટ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે તમામ જાતીય પ્રવૃત્તિને ગુનાહિત બનાવે છે, પછી ભલેને કોઈ ચોક્કસ કેસમાં બે સગીરો વચ્ચે સંમતિ હકીકતમાં હાજર હોય કે કેમપ મેં અવલોકન કર્યું છે કે કેસોની આ શ્રેણી માટે મુશ્કેલ પ્રશ્નો ઉભા થાય છે.

# ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડમાં આજથી મગફળી ઉતારવામાં નહીં આવે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી મોટા તથા સુવ્યવસ્થિત રીતે ચાલતા ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડમાં હાલ શિયાળુ જણસની વ્યાપક પ્રમાણમાં આવક થઈ રહી છે. આ વખતે મગફળીનો મતલબ પાક ઉતર્યો હોય, અહીંના માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આવક વધતા માર્કેટિંગ યાર્ડના સંચાલકો દ્વારા આજરોજ બુધવારે સાંજથી બીજી સુચના ન અપાય ત્યાં સુધી મગફળીની ઉતરાય બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડમાં મગફળી ઉપરાંત કપાસની પણ વિપુલ પ્રમાણમાં આવક છે. જેમાં ગઈકાલે ૩૨૨ ક્વિન્ટલ આવક થઈ હતી. આ સાથે ચણા, સોયાબીન, સીંગદાણા, અડદ અને મગની પણ અહીંના યાર્ડમાં નિયમિત આવક થાય છે. હાલ સૌથી વધુ આવક મગફળી અને કપાસની છે તેમ યાર્ડના સેક્રેટરી ભાવેશ જોગલની યાદીમાં જણાવ્યું છે.

# કલ્યાણપુરમાં વૃદ્ધ ઉપર દુધિયા ગામના શખ્સ દ્વારા હુમલો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

કલ્યાણપુર તાલુકાના દુધિયા ગામે રહેતા પબાભાઈ વરૂ નામના ૬૯ વર્ષના આહિર વૃદ્ધ સાથે અગાઉના જમીન અંગેના ખાર બાબતે બોલાચાલી કરી, આ જ ગામના દેવાણંદ લાખાભાઈ વરૂ દ્વારા લોખંડના પાઈપ વડે હુમલો કરી, પગમાં ફ્રેકચર સહિતની ઈજાઓ પહોંચાડી હતી. આટલું જ નહીં, આરોપી શખ્સે જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા ભોગ બનનાર પાબાભાઈના પુત્ર મેહુલભાઈ વરૂની ફરિયાદ ઉપરથી કલ્યાણપુર પોલીસે આરોપી દેવાણંદ લાખાભાઈ વરૂ સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬ (૨) તથા જી.પી. એકટની કલમ મુજબ ગુનો નોંધી, ધોરણસર કાર્યવાહી કરી છે.

જયારે ઓખામાં કાસમાઈથૈમનું રૂા. ૫૦ હજારની કિંમતનાં હોન્ડાની ચોરી થયાની ફરીયાદ પોલીસમાં નોંધાવી છે.

# કલ્યાણપુર નજીક પુરપાટ જતી કારની હડફેટે બાઈક સવાર પિતા-પુત્રીના કરૂણ મૃત્યું

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

કલ્યાણપુર તાલુકામાં રહેતા એક આહીર પરિવારના પિતા-પુત્રી ગઈકાલે મંગળવારે મોટરસાયકલ ઉપર જઈ રહ્યા હતા, ત્યારે પુરપાટ આવી રહેલી આઈ-ટ્વેન્ટી મોટરકારના ચાલકે આ મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જતા આ મોટરસાયકલ ઉપર જઈ રહેલા પિતા-પુત્રીના કરૂણ મૃત્યું નિપજયા હતા. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ કલ્યાણપુર તાલુકામાં રહેતા ઘેલુભાઈ જેઠાભાઈ કરંગીયા નામના એક આહીર યુવાન તેમની પુત્રી રાધિકાબેન સાથે તેમના મોટરસાયકલ નંબર જી.જે. ૩૭ ડી. ૨૮૫૪ ઉપર બેસીને લાંબા ગામેથી પટેલકા ગામે જઈ રહ્યા હતા, ત્યારે પોરબંદર-દ્વારકા હાઈવે રોડ ઉપર સતાપર ગામના પાટિયા પાસે રોડ ક્રોસ કરતી વખતે ભોગાત ગામ તરફથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલી જીજે-૩૭-બી-૯૫૯૦ નંબરની આઈ-૨૦ મોટરકારના ચાલકે ઘેલુભાઈના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. આ જીવલેણ ટક્કરમાં ફંગોળાઈ ગયેલા ઘેલુભાઈ તથા તેમના પુત્રી રાધિકાબેનને શરીરના જુદા-જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા બંનેના કરૂણ મૃત્યું નીપજયા હતા. આ સમગ્ર બનાવવા અંગે મૃતકના ભાઈ સવદાસભાઈ જેઠાભાઈ કરંગીયાની ફરિયાદ ઉપરથી કલ્યાણપુર પોલીસ આઈ-ટ્વેન્ટી મોટરકારના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી. એક્ટ મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી રાવલ આઉટ પોસ્ટના પી.એસ.આઈ. વી.આર. શુક્લ દ્વારા હાથ ધરવામાં આવી છે. અકસ્માતના આ બનાવે મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરાવી છે.

# જૂનાગઢ : આરોપીઓનો નિર્દોષ છુટકારો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢનાં જોષીપરામાં પ્રેમસંબંધનું મનદુઃખ રાખી મારામારી તથા જાનથી મારી નાખવાની ધમકીના ગુનામાં આરોપસર પકડાયેલ આરોપીઓ સામે કેસ ચાલી જતાં જૂનાગઢ કોર્ટે આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીનાં એડવોકેટ તરીકે પ્રતિક હરીયાણી રોકાયેલ હતાં.

# દ્વારકાધીશના સાનિધ્યમાં ત્રણેય રાજકીય પક્ષોએ વિધાનસભાની ચૂંટણીનો વિજય શંખ ફૂંક્યો હતો અને ભાજપને ફળ્યા દ્વારકાધીશ


(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૪

ગુજરાત રાજયની વિધાનસભાની તાજેતરમાં સંપન્ન થઈ ગયેલી ચૂંટણીમાં ભાજપ દ્વારા ૧૮૨માંથી ઐતિહાસિક ૧૫૬ બેઠક મેળવવાનો રેકોર્ડ સર્જાયો છે. ત્યારે હાલારના યાત્રાધામ દ્વારકાધીશના સાનિધ્યમાં ભાજપ, કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના રાજકીય નેતાઓએ શંખનાદ કરી અને ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. જેમાં આ શુભારંભ ભાજપને ફળ્યો હોય તેવું ચિત્ર જોવા મળ્યું છે. દ્વારકામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ તથા રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ શંખનાદ કરીને અહીંથી ૧૮૨ બેઠક જીતવાનો મંત્ર ભણ્યો હતો. સી.આર. પાટીલ બાદ કોંગ્રેસના રાહુલ ગાંધીએ પણ અધિવેશન કરીને અહીંથી ગુજરાત જીતવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આપછી આમ આદમી પાર્ટીના કેજરીવાલે પણ અહીંથી જ ઈશુદાન ગઢવી સાથે ગુજરાતની જીતનું અભિયાન શરૂ કર્યું હતું. પરંતુ જાણે દ્વારકાધીશએ ભાજપનો શંખનાદ સાંભળ્યો હોય તેમ ૧૮૨ પૈકી ૧૫૬ બેઠકનો નવો રેકોર્ડ ભાજપ પ્રસ્થાપિત કરી શક્યો હતો. ફક્ત ગુજરાતના જ નહીં પરંતુ ભારતના છેવાડાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા દ્વારકાના ભગવાન શ્રીકૃષ્ણ કે જે વિશ્વના સૌ પહેલા સફળ રાજકારણીનું બિરુદ મેળવેલ છે. ત્યારે તેમના આશીર્વાદથી ગુજરાતની ચૂંટણીના યુદ્ધમાં ઉતરતા પહેલા તમામ મુખ્ય રાજકીય પક્ષના નેતાઓ અહીં આશીર્વાદ લેવા આવ્યા હતા. થોડા સમય પહેલા દ્વારકામાં ભાજપના સી.આર. પાટીલે વિધિવત રીતે શંખ ફૂંકીને આ જાહેરાત કરી હતી. જેને આજે પણ લોકો યાદ કરે છે.

ગુજરાતમાં સોમવારે રચાયેલા મુખ્યમંત્રી સહિતના નવા મંત્રીમંડળમાં ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરાને કેબિનેટમાં સમાવિષ્ટ કરી અને તેમને પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લો કે જે અત્યંત પ્રાચીન સંસ્કૃતિના સ્થળો, પાંડવોના સમયના મહાદેવના મંદિરો, શનિદેવનું જન્મ સ્થળ હાથલા, બરડા ડુંગર, નવલખો મહેલ તેમજ સાથે પુરાણ પ્રસિદ્ધ દ્વારકા, બેટ દ્વારકા, સોન કંસારીના મંદિરો, ગોપનાથ મહાદેવ, ઝીણાવારી, દંતેશ્વર, ધીંગેશ્વર, સહિતના પ્રાચીન મંદિરો તથા ગામોનો યાત્રાધામ તરીકે વિકાસ થાય અને ધાર્મિક સ્થળે તરીકે વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવી સંભાવના છે.

# ખંભાળિયાના શહેરમાં કાજીના જનાઝામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયાના શહેર કાઝી ઈશાકમિયાં ઈબ્રાહીમમિયાં બુખારી ૯૦ વર્ષની વયે ગઈકાલે મંગળવારે ઈંતેકાલ પામતા ખંભાળિયા શહેર સાથે સમગ્ર જિલ્લાના મુસ્લિમ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. ગઈકાલે બપોરે ઈશાકમિયાં બાપુના જનાઝામાં શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા.


# કેશોદનાં ખમીદાણા ગામે પાણીમાં ડુબી જવાથી મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

કેશોદ તાલુકાનાં ખમીદાણા ગામે રહેતા હિરલ ઉર્ફે ભાવેશ દિપકભાઈ ગોંડલીયા(ઉ.વ.૨૬) કોઈપણ રીતે પાણીમાં ડુબી જવાથી તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગેની જાણ થતા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકાનાં રૂપેણબંદર પાસે હોડીમાં આગ લાગી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૪

દ્વારકાના રૂપેણબંદર પાસે પુલ નીચે ખાડીમાં એક હોડીમાં રાત્રીના ૧૨:૧૫ વાગે અચાનક આગ લાગતાં દ્વારકા નગરપાલિકા ફાયર બ્રિગેડ સ્ટાફ દ્વારા ઘટનાસ્થળે જઈ તાત્કાલિક આગ બુઝાવી હતી.

# દ્વારકા જગતમંદિરમાં રાજાધીરાજને સુકામેવાના અન્નકૂટ દર્શન યોજાયા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૪


દેવભૂમિ દ્વારકામાં આવેલ જગત મંદિરમાં રાજધીરાજને ગઈકાલ તા.૧૩ને મંગળવારના રોજ પૂજારી નેતાજી દ્વારા અલભ્ય શ્રૃંગાર સાથે સુકામેવાના અન્નકોટ દર્શન યોજવામાં આવ્યા હતા. જેનો મોટી સંખ્યામાં ભાવિકો અને યાત્રિકોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.


દવા વગરની સારવાર
★ કીડની, લીવર, હાર્ટ બ્લોકેજ
★ ડાયાબીટીસ, બીપી, થાઈરોઈડ
★ તમામ ભયંકર હઠીલા રોગ
ડો. ઉમેશ પંડયા (M.D.)
જીવનરક્ષા દવાખાનું
કટારીયા સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ
મો.૮૧૪૦૫૨૨૮૨૦

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦
મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૬૦૦
ગાયનું ઘી રૂા. ૫૬૦
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પલેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભપ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો.૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

વંદના સ્પેશિયલ
- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪
નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આક્રમકતા, અશાલીનતા રાજનીતિને કમજોર કરે છે

રાજકીય પક્ષોનો એકબીજા ઉપર આરોપ-પ્રત્યારોપ અને વ્યંગ બાણ ચલાવવા કોઈ નવી વાત નથી. લોકતંત્રમાં અસહમતિને મોટો ગુણ માનવામાં આવે છે, પરંતુ કેટલીય વાર નેતાઓ દુર્ભાવનાથી પોતાના વિરોધી પ્રત્યે અશોભનીય ભાષાનો ઉપયોગ કરે છે, એટલે સ્વાભાવિક રીતે જ તેના આચરણ ઉપર આંગળી ઊઠવા લાગે છે. છેલ્લા કેટલાક વર્ષોથી તેમાં જે પ્રકારની કડવાશ દેખાઈ રહી છે તે લોકતંત્ર માટે યોગ્ય ન કહી શકાય. જાહેર જીવનમાં નેતાનું આચરણ ઘણું મહત્ત્વનું છે. ઘણા લોકો તેમાંથી પ્રેરણા લે છે અને પછી તેના આચરણને સમાજના નીચલા સ્તર ઉપર પ્રસારિત કરે છે, પરંતુ અફસોસ કે કેટલાય નેતા પોતાના વિરોધી ઉપર પ્રહાર કરવાની ચળમાં પોતાના પદની ગરિમા અને મર્યાદા પણ ભૂલી જાય છે. આ વખતે આવનારી ચૂંટણીઓમાં પણ આ પ્રવૃત્તિ જોવા મળી રહી છે. નેતાઓ ભુલી જાય છે કે લોકતંત્રમાં વિરોધનો મતલબ મતભેદ હોવો જોઈએ, મનભેદ નહીં. ગુજરાતની વિધાનસભા ચૂંટણીના પ્રસંગે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાવણની સંજ્ઞા આપી દીધી. જેના પર ભારતીય જનતા પાર્ટીએ આકરી પ્રતિક્રિયા આપી છે.

આવું પહેલી વાર નથી થયું, બલ્કે દરેક ચૂંટણી પહેલાં કોંગ્રેસી વડાપ્રધાન ઉપર એવા પણ પ્રહાર કરતા રહ્યા છે. કોણ ભૂલી શકે છે કે ૨૦૦૭ના ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમ્યાન કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ એ સમયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને 'મોતના સોદાગર' ગણાવ્યા હતા. જોકે તેમના એ નિવેદનની અવળી અસર એ થઈ કે રાજ્યમાં નરેન્દ્ર મોદી વિધાનસભા ચૂંટણી જીતવામાં સફળ થઈ ગયા. ૨૦૧૪ની ચૂંટણી પહેલાં પણ કોંગ્રેસ મોદી પર આક્રમક હતી. ત્યારે મણિશંકર અય્યરે કહ્યું હતું કે આ ક્યારેય વડાપ્રધાન નહીં બને, તેમણે ચ્હા વેચવી હોય તો હું સ્ટોલ નાખી આપીશ. આ જ મણિશંકર અય્યરે ૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મોદીને નીચ સુધ્ધાં કહી દીધા. તેની અવળી અસર પડી અને કોંગ્રેસ બેકફૂટ ઉપર આવી ગઈ. માત્ર એટલું જ નહીં, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં રાફેલ ડીલમાં કૌભાંડ કરવાના આરોપમાં પીએમ મોદીને નિશાનો બનાવતાં રાહુલ ગાંધીએ રેલીમાં એક નારો આપ્યો હતો - ચોકીદાર ચોર હૈ. તેનો તોડ કાઢતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુદને ચોકીદાર ગણાવી દીધા. તેના પછી આખા દેશમાં સોશ્યલ મીડિયા ઉપર કેમ્પેન ચાલ્યું - હું પણ ચોકીદાર. આ કેમ્પેનને જબરદસ્ત રિસ્પોન્સ મળ્યો અને કોંગ્રેસને ધોબીપછાડ મળી. વારંવાર ઠોકર ખાધા બાદ પણ કોંગ્રેસના નેતાઓને અહેસાસ નથી કે દેશનું આમ જનમાનસ અપશબ્દોને સહન નથી કરતું. આમ જનજીવનની ભાષાને રાજનીતિની ભાષા બનાવવી સારી વાત છે, પરંતુ તેની મર્યાદાનું ધ્યાન રાખવું પણ જરૂરી છે, પરંતુ કદાચ આપણા નેતાઓએ માની લીધું છે કે મતદારોને એ જ ભાષા પસંદ આવે છે, કારણ કે એવી ભાષા ઉપર તેમના સમર્થકો જોરદાર તાળીઓ પાડે છે. સાથે જ એ પણ સાચું છે કે અશોભનીય અને કડવા શબ્દોનો સમાવેશ થાય તો આમ જનમાનસ દૂર થઈ જાય છે. એટલું જ નહીં, ભાષામાં ઉશ્કેરાટ, આક્રમકતા અને અશાલીનતા આપણી રાજનીતિને પણ કમજોર કરે છે. તે ના તો લોકતંત્ર માટે હિતકર છે અને ના દેશ માટે.

# આશરે ૩માંથી ૨ પુરૂષો રોકાણનાં નિર્ણય સ્વતંત્રતાથી લે છે, જયારે ૪૪ ટકા મહિલા આવું કરે છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૪

આશરે ૩માંથી ૨ પુરૂષો (૬૫%) માટે ભાગે સ્વતંત્રતાથી રોકાણ નિર્ણયો લે છે ત્યારે ફકત ઓછી મહિલાઓ (૪૪%) જ આમ કરે છે એવું **DSP Winvestor Pulse 2022** અભ્યાસમાંથી બહાર આવ્યું છે. **DSP** મ્યુચ્યુઅલ ફંડ **DSP Winvestor Pulse 2022** સર્વેના તારણો સંશોધન સંસ્થા **youGov** સાથે મળીને રજુ કર્યા હતા જેમાં મહિલા અને પુરૂષોમાં રોકાણ વર્તુણુંક ઉપર અને રોકાણ નિર્ણયો કરતી વેળાએ તેમની વર્તુણુંક અને સામે લગીરી ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.

અભ્યાસમાંથી એવું મળી આવ્યું હતું કે, મહિલાઓ (૨૭%)ની તુલનામાં પુરૂષોનો મોટો ભાગનો હિસ્સો (૪૦%) સમગ્ર રોકાણ નિર્ણયો સ્વતંત્રતાથી લે છે (વ્યાવસાયિક સલાહકારને સંપર્ક કર્યા વિના.) કોઈની સાથે મળીને જે કોઈ રોકાણ નિર્ણયો લે છે તેમનામાંથી મહિલાઓ (૬૭%)એ પુરૂષ (૪૮%)ની તુલનામાં તેમના પતિની સંપર્ક કર્યો હોવાનો દાવો કર્યો હતો. પુરૂષોની સંખ્યા કરતા બમણા (૨૬%)એ જણાવ્યું હતું કે, મહિલાઓ (૧૦%)ની તુલનામાં પોતાના રોકાણ નિર્ણયો કરવા માટે તેમના પિતાનો સંપર્ક કર્યો હતો.

એક પ્રોત્સાહક અવલોકન એ હતું કે, સર્વેક્ષણ કરાયેલા લગભગ અડધા (૪૫%) પુરૂષો અને મહિલાઓએ જણાવ્યું હતું કે, તેઓ કોવિડ પછી વધુ

## DSP Winvestor Pulse 2022નો અહેવાલ

રોકાણ કરી રહ્યા છે. રોગચાળાએ નાણા વિશે આત્મનિરીક્ષણને પ્રેરીત કર્યું હતી. અગાઉ કરતા વધુ વળતર ઈચ્છતા હતા અને એપ્સ દ્વારા રોકાણ કરવામાં સરળતા પુરૂષો અને સ્ત્રીઓ બંને દ્વારા કોવિડ પછી વધુ રોકાણ કરવાના કારણોમાં ટોચના કારણ તરીકે ટાંકવામાં આવ્યું હતું.

સર્વેમાં ૧૦ શહેરો (૪ મેટ્રો મુંબઈ, દિલ્હી, કોલકાતા, બેંગ્લોર અને ૬ મિની મેટ્રો ઈન્દોર, કોચી, પટના, ચંદીગઢ, લુધિયાણા અને અમૃતસર)માંથી ૪,૬૨૫ મહિલાઓ અને પુરૂષોને આવરી લેવામાં આવ્યા હતા. આ અભ્યાસ ૨૫ થી ૬૦ વર્ષની વય જુથમાંથી રોકાણના નિર્ણયો લેવામાં સામેલ થયેલા પુરૂષો અને મહિલાઓના પ્રતિભાવો મેળવે છે.

ડીએસપી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડના વાઈસ ચેરપર્સન અદિતી કોઠારી દેસાઈએ જણાવ્યું હતું કે, હું મહિલા રોકાણકાર જનાજાતિના ઉદભવ અંગે ખુબજ હકારાત્મક છું હું માનું છું કે, વધુ મહિલાઓ હવે રોકાણના સારા નિર્ણયો લેવા માટે આત્મવિશ્વાસ ધરાવે છે પરંતુ ડીએસપી વિન્વેસ્ટર પલ્સ ૨૦૨૨એ જાહેર કર્યું તેમ ચોકકસપણે હજી ઘણો લાંબો રસ્તો છે.

# માનસિક રીતે અસ્વસ્થ બાળકો માટે તૈયાર કરાયું વિશેષ ગાર્ડન

## સુગંધ, અવાજ, સ્પર્શ, સ્વાદ અને ચક્ષુ અંગેનું જ્ઞાન પ્રજ્જ્વલિત થઈ શકે અને તેની ઓળખ થઈ શકે તે માટે ગાર્ડન બનાવાયું, અહીંની દરેક વસ્તુનો કરી શકે છે અનુભવ

વડોદરા, તા.૧૪

નાનકડું તળાવ, સ્પર્શથી અનુભવી શકાય તેવી કેડી અને દિવાલ, રેતીનો ઢગલો, મ્યૂઝિલક વૉલ, જાતભાતની પાંખો, રોપવે સાથેની લપસણી, ક્લાઈમ્બર અને ટ્રેમ્પોલિન- આ બધી જ વસ્તુઓ નવીન પ્રકારના સેન્સરી ગાર્ડન એટલે કે સ્પર્શીને અનુભવ કરી શકાય તેવા બગીચાનો ભાગ છે. સેન્સરી ગાર્ડનની શરૂઆત શનિવારે શહેરની સ્પંદન સ્કૂલ દ્વારા કરવામાં આવી હતી. માનસિક રીતે અસ્વસ્થ બાળકો માટે સ્પંદન સ્કૂલની શરૂઆત ૪૬ વર્ષ પહેલા બનયન સિટી જેયસી એજ્યુકેશન ટ્રસ્ટ (મ્ઝરૂઈ) દ્વારા કરવામાં આવી હતી.પાંચ મૂળ ઈન્દ્રિયો સુગંધ, અવાજ, સ્પર્શ, સ્વાદ અને ચક્ષુ અંગેનું જ્ઞાન પ્રજ્જ્વલિત થઈ શકે અને તેની ઓળખ થઈ શકે તે માટે આ સેન્સરી ગાર્ડન બનાવાયું છે. આ સ્કૂલ માનસિક રીતે અસ્વસ્થ બાળકોના વિકાસ અને વૃદ્ધિ માટે કામ કરી રહ્યા છે. તેઓ આ બાળકોને એ પ્રકારે શિક્ષણ આપી રહ્યા છે કે, તેમાં ઓક્યુપેશનલ થેરાપી, ફિઝિયોથેરાપી, સ્પીચ થેરાપી અને બધી જ ઈન્દ્રિયો અંગેનું જ્ઞાન મળી રહે. સ્કૂલના ટ્રસ્ટીઓએ કહ્યું કે, રોજ ૨૦૦ જેટલા માનસિક અસ્વસ્થ બાળકો નિયમિતપણે અમારી સ્કૂલના ત્રણ ડિવિઝન- પ્લે સેન્ટર, સ્પંદન સ્કૂલ અને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાંથી એકમાં આવે છે. સ્કૂલમાં સાયકોલોજીકલ ટેસ્ટિંગ અને કાઉન્સેલિંગ, પર્ફોર્મિંગ આર્ટ્સની એકેડમી ઉપરાંત કમ્પ્યૂટર ક્લાસ જેવી સુવિધા પણ આપવામાં આવે છે. સ્પંદનના વાઈસ પ્રેસિડેન્ટ ભરત દેસાઈએ જણાવ્યું, "સેન્સરી ગાર્ડન બાળકોને કુદરત સાથે જોડાવામાં મદદ કરે છે, તેમની આસપાસની દુનિયાથી અવગત કરે છે અને તેના માટે કેવી પ્રતિક્રિયા આપવી તે શીખવે છે. સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ, ડાઉન સિન્ડ્રોમ, ધીમે શીખવું વગેરે જેવી દિવ્યાંગતાઓથી પીડાતા બાળકો માટે ઉપયોગી છે. તેઓ શીખી અને માણી શકે છે." આ પ્રોજેકટની કલ્પના અને ડિઝાઈન ડૉ. સુષ્મા ભંડાર કરે કરી હતી. તેઓ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ અને મ્ઝત્નઈ્ના ટ્રસ્ટી છે.તેમને પ્રમુખ મનોજ કાકડિયા અને સ્પંદનની આખી ટીમનો સહકાર મળ્યો હતો.

### નવા બોસની સુચનાને પગલે

# ટ્વીટરનાં ૧૫૦ કરોડ નિષ્ક્રિય એકાઉન્ટ દૂર કરશે

દિલ્હી, તા.૧૪

ટ્વિટરના નવા બોસ ઈલોન મસ્કે સોશિયલ મીડિયા જાયન્ટના લાખો નિષ્ક્રિય એકાઉન્ટ્સને દૂર કરવાની જાહેરાત કરી છે. મસ્કે ટ્વીટમાં લખ્યું, ટ્વિટર ટૂંક સમયમાં ૧.૫ બિલિયન (૧૫૦ કરોડ) એકાઉન્ટ્સની નેમ સ્પેસ ખાલી કરવાનું શરૂ કરશે. ટ્વિટરના તેના હસ્તાંતરણથી, મસ્કે કંપનીમાં ઘણા ફેરફારો કર્યા છે, જેમાંથી આ એક છે.

મસ્કના આ નિર્ણયથી એવા યૂઝર્સને ફાયદો થશે કે જેઓ ચોક્કસ યૂઝર નેમ ઈચ્છે છે પરંતુ તે મેળવી શકતા નથી કારણ કે કોઈએ તેને પહેલેથી જ લઈ લીધું છે અને તેનો ઉપયોગ નથી કરી રહ્યા. મસ્કના આ પગલાથી સ્પેસ તો ખાલી થશે, પરંતુ તેનાથી ટ્વિટરનો યુઝર બેઝ પણ ઘટશે. જો કે મસ્કે તે ભાગ પર વધુ માહિતી આપી નથી.

લગભગ અડધા કર્મચારીઓને ખર્ચમાં ઘટાડો કરવા બદલ કાઢી મૂકવામાં આવ્યા છે. છટણી પછી, મસ્કે કહ્યું હતું કે, જ્યારે કંપની દરરોજ ૪ મિલિયન (રૂા.૩૨.૭૭ કરોડ) ગુમાવી રહી છે, ત્યારે અમારી પાસે કર્મચારીઓની છટણી સિવાય કોઈ વિકલ્પ નથી.

મસ્ક તાજેતરમાં કેટલાક દેશોમાં ટ્વિટર બ્લુ સબસ્ક્રિપ્શન શરૂ કર્યું છે. જો લોકો તેને ખરીદતા નથી, તો તેઓ તેમનો ચકાસાયેલ ચેકમાર્ક ગુમાવશે. જોકે, નકલી એકાઉન્ટની સંખ્યા વધ્યા બાદ આ સબસ્ક્રિપ્શન ઉપર રોક લગાવવામાં આવી છે.

ધ ટ્વટર ફાઈલ્સના બીજા હપ્તામાં દાવા બાદ, મસ્કે ટ્વીટ કર્યું કે ટ્વિટર એક સોફ્ટવેર અપડેટ ઉપર કામ કરી રહ્યું છે જે તમારા એકાઉન્ટની વાસ્તવિક સ્થિતિ બતાવશે, જેથી તમે સ્પષ્ટપણે જાણી શકો કે તમારા ઉપર શેડોબેન કરવામાં આવ્યો છે કે કેમ. કરવામાં આવી છે અને તેની અપીલ કેવી રીતે કરવી.

તમને જણાવી દઈએ કે થોડા દિવસ પહેલા ધ ફ્રી પ્રેસના એડિટર બારી વેઈસે ટિવટર ઉપર ધ ટ્વિટર ફાઈલ્સનો બીજો હપ્તો જાહેર કર્યો છે. બારી વેઈસે પોતાના ટ્વિટમાં લખ્યું છે કે ટ્વિટરના કર્મચારીઓ અયોગ્ય રીતે બ્લેકલિસ્ટ કરે છે અને કંપનીના અગાઉના મેનેજમેન્ટની કથિત છુપાયેલી ભૂમિકાને ખુલ્લી પાડીને સમગ્ર એકાઉન્ટને સક્રિય રીતે સેન્સર કરીને એક્સપોઝરને મર્યાદિત કરે છે. મસ્કે વેઈસની ટ્વીટને પણ રીટ્વીટ કરી હતી.

# ઈરાનમાં મહિલાઓના ચહેરા-ગુપ્તાંગો ઉપર સુરક્ષાદળોનો પેલેટ પ્રહાર!, છે આ દર્દનાક દાસ્તાન!



લાંબા સમયથી ઈરાનમાં સુરક્ષાદળો અને નાગરિકો વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. ત્યારે વિવિધ મુદાઓ સાથે ન્યાયની લડતનું નામ આપીને દેખાવકારો રસ્તા ઉપર ઉતરીને દેખાવ કરી રહ્યાં છે. આ સ્થિતિમાં સુરક્ષાદળો દ્વારા ક્રુરતા ભર્યું વર્તન કરવામાં આવતું હોવાનું પણ સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ સુરક્ષાદળો દ્વારા પેલેટ ઘનથી આ દેખાવકારોને ટાર્ગેટ કરવામાં આવે છે. સુરક્ષાદળના જવાનો દ્વારા દેખાવકારો પર પેલેટ ઘનથી પ્રહાર કરવામાં આવે છે. એટલું જ નહીં એક ચોંકાવનારા અને સનસનીખેજ સમાચાર પણ સામે આવ્યાં છે. જેમાં સામે આવ્યું છેકે, સુરક્ષાદળો દ્વારા મહિલાઓના ચહેરા અને તેમના નાજુક અંગોને ટાર્ગેટ કરવામાં આવે છે. ખાસ કરીને મહિલાઓના ગુપ્તાંગોને ટાર્ગેટ કરીને તેના પર પેલેટ ઘન ચલાવવામાં આવતી હોવાનો પણ ચોંકાવનારો ખુલાસો થયો છે. સરકારથી છુપાઈને સારવાર કરતા ડૉક્ટરોએ કહ્યું- જેન્ડરના આધારે ઘામાં અંતર જોવા મળી રહ્યું છે.

સારવાર માટે આવતી મોટાભાગની ઈરાની મહિલાઓના ચહેરા અને તેમના ગુપ્તાંગો પર પેલેટ ઘનથી પ્રહાર કરવામાં આવે છે. જેને કારણે પેલેટ ઘનના છરાથી તેમની સુંદરતા કાયમ માટે બગડી જાય. તેમનો ચહેરો ખરાબ થઈ જાય અને તેમના ગુપ્તાંગો પર પ્રહાર કરીને તેમની સ્થિતિ અત્યંત દયનીય બની દેવામાં આવી રહી છે. ઈરાનમાં દેખાવો કરતી મહિલાઓ પર દમન યથાવત્ છે. ઘાયલ દેખાવકારોની સારવાર કરતા ડૉક્ટરો દાવો કરે છે કે સુરક્ષાદળો જાણીજોઈને મહિલાઓના ચહેરા અને નાજુક અંગો પર પેલેટથી પ્રહાર કરી રહ્યા છે. એવું એટલા માટે કરાઈ રહ્યું છે કેમ કે આ પ્રકારના ઘા લાંબા સમય સુધી રહે છે. પેલેટગનથી છોડાનાર પેલેટ પ્લાસ્ટિક અને ધાતુના બનેલા છરા હોય છે. અનેક ડૉક્ટર અને નર્સો છુપાઈને દેખાવકારોની સારવાર કરે છે. તેઓ કહે છે કે પુરુષો અને મહિલાઓના ઘામાં મોટું અંતર જણાય છે. પુરુષોની આંખો અને હાથ પગ ઉપરાંત પીઠ પર ઘા છે. જ્યારે તેનાથી વિપરીત મહિલાઓના ચહેરા અને નાજુક અંગો પર ઘા દેખાય છે. ઈસ્ફહાન પ્રાંતના એક ડૉક્ટરે કહ્યું કે મહિલાઓના ચહેરા પર છરા એટલા માટે ઝીંકાઈ રહ્યા છે જેથી તેમની સુંદરતાનો અંત લાવી શકાય. મેં એક ૨૦ વર્ષની છોકરીની સારવાર કરી. તેનાં અંગો પર પેલેટગનથી આશરે ૧૨ પેલેટ ઝીંકાયા. તેમાંથી બે મોટા ઘા કરી ગયા અને યુવતીમાં વઝાઈનલ ઈન્ફેકશનનો ખતરો વધી ગયો. સ્થિતિ એવી છે કે અનેક મહિલાઓને તો હોસ્પિટલ જતા પણ શરમ મહેસૂસ થાય છે જેના લીધે તે ઘરે જ સારવાર કરી રહી છે. બંદર અબ્બાસ શહેરના એક વિદ્યાર્થીને આંખ પર પેલેટથી હુમલો કરાયો. અત્યાર સુધી ઓછામાં ઓછા ૧૧ લોકોને મૃત્યુદંડ અપાયો છે. માનવાધિકાર જૂથોનો દાવો છે કે દેખાવકારો પર સુરક્ષાદળોની ક્રૂર કાર્યવાહીમાં ૬૦ બાળકો સહિત ૫૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા. ૧૮ હજાર લોકોની ધરપકડ કરાઈ. ૮૦ દેખાવકારોને મોતની સજા સંભળાવાઈ છે. ગુરુવારે ફાંસી બાદ દેખાવો ઉગ્ર કરી દેવાયા હતા. ઈસ્લામિક રિપબ્લિકના કાયદાનું અમલ કરતી એજન્સીના કમાન્ડર ઈન ચીફ હુસૈન અશતરીએ કહ્યું કે પોલીસે દેખાવકારો પ્રત્યે અત્યાર સુધી સંયમ બતાવ્યો પણ હવે અમે કડકાઈ વધારીશું. ખરેખર ૧૬ સપ્ટેમ્બરથી ૨ ડિસેમ્બર વચ્ચે ઈરાનમાં રેકોર્ડ ૧૬૪૧ વખત દેખાવો કરાયા. જોકે તેનાથી વિપરીત ચીનમાં લૉકડાઉન વિરુદ્ધ થઈ રહેલા દેખાવોને ત્યાંની સરકારે દબાવી દીધા હતા.



પ્રજાના પ્રશ્નો કે સંસદની ચર્ચા નથી સાંભળી શકતો, ત્યાં તારી વાત કયાંથી સાંભળી શકું ?



તારા માથાનાં દુઃખાવાની ફરીયાદો સાંભળી સાંભળીને હવે મારૂય માથું દુઃખવા માંડયું છે!

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

તમારો આહાર જ તમારી ઔષધિ છે.

-શ્રી રામશર્મા આચાર્ય

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર વદ-૬, તા.૧૪ ડિસેમ્બર ૨૦૨૨, બુધવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૯, મઘા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૨૫, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ : આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.
મિથુન : શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કર્ક : કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
સિંહ : મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
કન્યા : મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.
તુલા : મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
વૃશ્ચિક : વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
ધન : ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.
મકર : લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કુંભ : ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.
મીન : અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.

# વડાપ્રધાનના પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં રાજ્યના ૮૪ સ્પર્ધકો જોડાશે

## સ્પર્ધકોની પસંદગી માટે લેખન સ્પર્ધાનું આયોજન કરાયું: વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો સ્પર્ધામાં જોડાશે



અમદાવાદ, તા.૧૪

દર વર્ષની જેમ આ વખતે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બોર્ડની પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પે ચર્ચા કરશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે લેખન સ્પર્ધાનું આયોજન કરાયું છે. ૩૦ ડિસેમ્બર સુધી સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોમાંથી ૮૪ જેટલા વિદ્યાર્થી, શિક્ષક અને વાલીઓની પસંદગી કરવામાં આવશે, જે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં સહભાગી બનશે. આ માટે સમગ્ર દેશના વિવિધ રાજ્યોના ક્વોટા નક્કી કરાયા છે તેની મર્યાદામાં સ્પર્ધકોને હાજર રહેવા માટે જણાવાયું છે. વડાપ્રધાન દર વર્ષે ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે પરીક્ષા પે ચર્ચા કરતા હોય છે. આ વખતે પણ પરીક્ષા પે ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે. ધો.૯થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષકો અને વાલીઓ માટે ૩૦ ડિસેમ્બર સુધી ઓનલાઈન સર્જનાત્મક લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ વિષયો આધારિત થીમ ઉપર લેખન સ્પર્ધા થશે, જેમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાંથી પસંદગી પામનાર રાજ્યના ૮૪ સ્પર્ધકો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. કાર્યક્રમમાં સહભાગી થનારા વિજેતાઓને પ્રમાણપત્ર અને વડાપ્રધાન દ્વારા લખાયેલી એક્ઝામ વોરિયર્સ પુસ્તક આપવામાં આવશે. પરીક્ષા પે ચર્ચા માટે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે લેખન સ્પર્ધાનું આયોજન કરાયું છે, જેના થકી સ્પર્ધકોની પસંદગી કરવામાં આવશે. આ માટે વિવિધ રાજ્યોનો ક્વોટા નક્કી કરાયો છે. સમગ્ર દેશમાંથી ૨૦૫૦ જેટલા સ્પર્ધકોની પસંદગી કરવામાં આવશે, જેમાં ગુજરાતમાંથી ૮૪ સ્પર્ધકો રહેશે, જેમાં ૮૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ, ૧૦ ટકા જેટલા શિક્ષકો અને ૧૦ ટકા જેટલા વાલીઓનો સમાવેશ થાય છે. એટલે કે ૬૭ જેટલા વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે. આ ઉપરાંત બાકી રહેલા ૧૭ સ્પર્ધકોમાંથી ૮ વાલી અને ૯ શિક્ષકને મોકલવાનું આયોજન કરાશે.

# CBSE બોર્ડની પરીક્ષાનો બોગસ કાર્યક્રમ ફરતો થતાં વિદ્યાર્થીઓ મૂંઝાયા

## બોર્ડ દ્વારા સોશિયલ મીડિયામાં ફરતા થયેલા કાર્યક્રમનો બોગસ ગણાવ્યો

અમદાવાદ, તા.૧૪

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં લેવામાં આવનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ટૂંક સમયમાં સત્તાવાર પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવનાર છે. જો કે, આ પહેલા સોશિયલ મીડિયા ઉપર પરીક્ષાનો કાર્યક્રમ ફરતો થઈ જતાં વિદ્યાર્થીઓ મુંઝવણમાં મૂકાયા હતા. જો કે, આ કાર્યક્રમને લઈને CBSE બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરી હતી કે, સોશિયલ મીડિયામાં ફરતો થયેલો કાર્યક્રમ બોગસ છે અને બોર્ડ દ્વારા આગામી દિવસોમાં પરીક્ષાનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. CBSE બોર્ડદ્વારા ૨૦૨૩માં લેવામાં આવનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાને લઈ હજુ સુધી સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો નથી. જો કે, આ દરમ્યાન સોશિયલ મીડિયા ઉપર ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ ફરતો થતાં વિદ્યાર્થીઓ મુંઝવણમાં મૂકાયા હતા. સોશિયલ મીડિયા ઉપર ફરતા થયેલા આ કાર્યક્રમને લઈને CBSE બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જે કાર્યક્રમ ફરતો થયો છે તે બોગસ છે અને બોર્ડદ્વારા ટૂંક સમયમાં સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. હાલમાં જે કાર્યક્રમ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે તે બોગસ છે, જેથી વિદ્યાર્થીઓએ તેની ઉપર ધ્યાન આપવું નહીં તેમ પણ જણાવ્યું છે. CBSE બોર્ડ દ્વારા અગાઉ જાહેરાત કરવામાં આવી હતી કે ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩થી ધો.૧૦ અને ૧૨ની થિયરીની પરીક્ષાઓનો પ્રારંભ કરવામાં આવશે. જ્યારે થિયરી પરીક્ષાઓ શરૂ થાય તે પહેલા બોર્ડ દ્વારા પ્રેક્ટિકલ પરીક્ષાઓ લેવા માટેની સુચના આપી છે, જેમાં ૧ જાન્યુઆરીથી પ્રેક્ટિકલ પરીક્ષાઓ શરૂ થવાની હોવાથી સ્કૂલોએ તે પહેલા અભ્યાસક્રમ પૂર્ણ કરવાનું રહેશે તેવી તાકીદ પણ કરી છે. ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટિકલ પરીક્ષા માત્ર બોર્ડ દ્વારા નિયુક્ત કરવામાં આવનાર પરીક્ષકો દ્વારા જ યોજવામાં આવશે. જ્યારે ધો.૧૦ની પ્રેક્ટિકલ પરીક્ષા આંતરીક પરીક્ષકો દ્વારા આયોજિત કરવામાં આવશે.

### ઇન્ડિયન નેવી ટૂંક સમયમાં કરી શકે છે જાહેરાત

# સેનામાં પ્રથમવાર મહિલાઓ સ્પેશિયલ ફોર્સમાં કમાન્ડો બનશે

## ઈન્ડિયન નેવીએ પોતાના એલિટ સ્પેશિયલ ફોર્સમાં મહિલાઓને સામેલ કરવા માટે ઐતિહાસિક નિર્ણય લીધો છે

નવી દિલ્હી, તા.૧૪


ઈન્ડિયન નેવીએ પોતાના એલિટ સ્પેશ્યલ ફોર્સમાં મહિલાઓને સામેલ કરવા માટે ઐતિહાસિક નિર્ણય લીધો છે. સૈન્યના કોઈ પણ અંગમાં પ્રથમવાર કમાન્ડોના રૂપમાં મહિલાઓને સેવાની મંજૂરી આપવામાં આવી છે. અધિકારીઓએ તાજેતરમાં આ જાણકારી આપી હતી. જોકે હજુ સુધી તેની સત્તાવાર જાહેરાત કરાઈ નથી. નોંધનીય છે કે આર્મી, નેવી અને એરફોર્સના વિશેષ દળોમાં કેટલાક ખાસ સૈનિકોનો સમાવેશ થાય છે, જેમને સખત તાલીમ લેવી પડે છે. તેઓ ગુપ્ત કામગીરી હાથ ધરવા સક્ષમ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે હવે તાલીમ બાદ જો મહિલાઓ માપદંડ ઉપર ખરી ઉતરશે તો નેવીમાં મરીન કમાન્ડો (માર્કોસ) બની શકે છે. તેમણે કહ્યું કે ભારતના સૈન્ય ઈતિહાસમાં આ એક ઐતિહાસિક પગલું છે પરંતુ કોઈને પણ સીધા સ્પેશ્યલ ફોર્સ યુનિટમાં સામેલ કરવામાં આવશે નહીં. વોલિન્ટિયર તરીકે કામ કરવું પડશે. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે વોલિન્ટિયર તરીકે માર્કોસ બનવાનો વિકલ્પ મહિલા અધિકારીઓ અને ખલાસીઓ બંને માટે ખુલ્લો રહેશે જેઓ આગલા વર્ષે અગ્નિવીર ભરતી હેઠળ સેવામાં જોડાશે. નેવીમા માર્કોસને અનેક મિશનને અંજામ આપવા માટે ટ્રેનિંગ અપાય છે. સમુદ્ર, હવા અને જમીન ઉપર મિશન હાથ ધરી શકે છે. આ કમાન્ડો દુશ્મનના યુદ્ધ જહાજો, લશ્કરી થાણાઓ, વિશેષ ડાઈવિંગ ઓપરેશન્સ અને જાસૂસી મિશન સામે પ્રહારો કરી શકે છે. માર્કોસ દરિયાઈ ક્ષેત્રમાં પણ આતંકવાદીઓ સામે લડી શકે છે અને તેને કાશ્મીરના વુલર લેક વિસ્તારમાં આતંકવાદ વિરોધી ભૂમિકામાં તૈનાત કરવામાં આવ્યા છે. મહિલાઓનું હવે નૌકાદળની તમામ શાખાઓમાં ખાસ કામગીરીથી લઈને ઉડ્ડયન અને જહાજની ફરજો વગેરેમાં સ્વાગત કરવામાં આવશે. નૌકાદળની વિશેષ દળોના વિંગમાં મહિલાઓને સ્થાન આપવામાં આવી રહ્યું છે. સૈન્યમાં મહિલાઓને પ્રથમ વખત ઓફિસર રેન્ક કેડરથી નીચેના કર્મચારીઓમાં સામેલ કરવાની તૈયારી કરી રહ્યું છે. ઓડિશામાં INS ચિલ્કા પ્રશિક્ષણ સુવિધા ખાતે નૌકાદળ તેના પ્રથમ વર્ગના અગ્નિવીરોની તાલીમ ઉપર કડક નજર રાખી રહ્યું છે, જેમાં મહિલાઓનો સમાવેશ થાય છે. નૌકાદળના અગ્નિવીરોની પ્રથમ બેચમાં ૩,૦૦૦ ભરતીમાં ૩૪૧ મહિલાઓનો સમાવેશ થાય છે.

# મહિલા પોલીસે ૩ મહિના સુધી નકલી કોલેજ સ્ટુડન્ટ બનીને મેડિકલ કોલેજમાં રેગિંગ કેસને ઉકેલ્યો

ભોપાલ, તા.૧૪

મધ્યપ્રદેશ પોલીસમાં ૨૪ વર્ષીય કોન્સ્ટેબલ શાલિની ચૌહાણે ઈન્દોરની મહાત્મા ગાંધી મેમોરિયલ મેડિકલ કોલેજમાં રેગિંગ અંગેના તાજેતરના ક્રેકડાઉનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ત્રણ મહિનામાં, તેણીએ ૧૧ વરિષ્ઠ વિદ્યાર્થીઓને ઓળખી કાઢ્યા હતા જે કથિત રીતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના ક્રૂર રેગિંગમાં સામેલ હતા. અ સિનિયર્સને કોલેજ અને હોસ્ટેલમાંથી ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. NDTV એ આ અંડરકવર ઓપરેશન અંગે શ્રીમતી ચૌહાણ અને તેમના વરિષ્ઠ, ઈન્સ્પેકટર તહઝીબ કાઝી સાથે વાત કરી હતી. તે દરરોજ કૉલેજમાં આવતી, ખભા ઉપર બેગ લઈને આવતી અને મિત્રો સાથે ગપસપ કરતી, કેન્ટીનમાં સમય પસાર કરતી, કલાસમાં પણ તે સામાન્ય વિદ્યાર્થીનીજેમ જોવા મળતી હતી. તેણી આ કેમ્પસમાં રેગિંગ અંગે પુરાવા એકત્ર કરતી ગુપ્ત પોલીસ હતી. શ્રી કાઝીએ જણાવ્યું હતું કે તેમને વિદ્યાર્થીઓ તરફથી રેગિંગ અંગેની અનામી ફરિયાદો મળી હતી. આ ફરિયાદોમાં આરોપ છે કે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને અશ્લીલ કૃત્યો કરવા માટે દબાણ કરવામાં આવે છે, જેમ કે ગાદલા સાથે સેક્સ કરવાનો ડોળ કરવો. પરંતુ ફરિયાદીઓ સતામણીના ડરથી આગળ આવ્યા ન હતા અથવા આરોપીનું નામ આપતા ન હતા. અમે કેમ્પસમાં તપાસ કરવા ગયા હતા, પરંતુ વિદ્યાર્થીઓ એટલા ડરી ગયા હતા કે તેઓએ અમને યુનિફોર્મમાં જોયા પછી તેઓ આગળ આવ્યા ન હતા. અમે ફરિયાદીઓના સંપર્ક નંબરો શોધવાનો પ્રયાસ કર્યો, પરંતુ હેલ્પલાઈનની નીતિએ અમને મંજૂરી આપી નહીં. તેથી અમે શાલિની અને અન્ય કોન્સ્ટેબલોને સાદા કપડામાં કેમ્પસમાં અને તેની આસપાસ સમય પસાર કરવા, કેન્ટીન અને ચાના સ્ટોલ ઉપર વિદ્યાર્થીઓ સાથે ગપસપ કરવા કહેવામાં આવ્યું. જેમ જેમ તેઓએ જુનિયર વિદ્યાર્થીઓ સાથે વાત કરવાનું શરૂ કર્યું, તેઓ જે ભયાનક અનુભવમાંથી પસાર થઈ રહ્યા હતા તેની તેમને ખબર પડી. આ રીતે અમે સાક્ષીઓ મેળવ્યા અને આ કેસ ઉકેલ્યો હતો. આ પોલીસ મહિલાએ એનડીટીવીને જણાવ્યું કે આ તેના માટે સંપૂર્ણપણે નવો અનુભવ હતો. હું રોજેરોજ એક વિદ્યાર્થીના વેશમાં કોલેજ જતી. હું કેન્ટીનમાં વિદ્યાર્થીઓ સાથે વાત કરતી. હું મારા વિશે વાત કરતી હતો અને બાદમાં તેઓ મારામાં વિશ્વાસ કરવા લાગ્યા હતા

# ધર્માંતરણ વિરોધી કાયદા વાસ્તવિક કારણોને બદલે રાજકીય કારણોસર લાવવામાં આવી રહ્યા છે : પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ દીપક ગુપ્તા



(એજન્સી) તા.૧૪

ધર્માંતરણ વિરોધી કાયદાના વિષય ઉપર LiveLawના મેનેજિંગ એડિટર મનુ સેબેસ્ટિયન સાથે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ દીપક ગુપ્તાની મુલાકાતના અંશો નીચે આપવામાં આવ્યા છે.

**કોઈ વ્યક્તિએ ધર્મ બદલ્યો છે કે કેમ તે જાણવાનું રાજ્યનો વિષય નથી**

શ્રી મનુ સેબેસ્ટિયન : ‘‘આ અઠવાડિયાના મહત્વપૂર્ણ સમાચાર એ છે કે સુપ્રીમ કોર્ટ એક પીઆઈએલની સુનાવણી કરી રહી છે જે બળપૂર્વક ધર્માંતરણને નિયંત્રિત કરવા માંગે છે. સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું છે કે તે ખૂબ જ ગંભીર મુદ્દો છે અને કેન્દ્ર સરકારને રાજ્યો પાસેથી ધાર્મિક પરિવર્તનના નિયમન માટે બનેલા કાયદાઓ અંગે માહિતી એકત્રિત કરવાનો નિર્દેશ આપ્યો છે. ભારતમાં કેટલાક રાજ્યોએ ધાર્મિક પરિવર્તનને નિયંત્રિત કરવા માટે કાયદાઓ બનાવ્યા છે, જે આદેશ આપે છે કે જે વ્યક્તિ ધર્મ પરિવર્તન કરવા માંગે છે તેણે જિલ્લા મેજિસ્ટ્રેટને અગાઉથી માહિતી આપવી જોઈએ. જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરીથી જ વ્યક્તિ ધર્મપરિવર્તન કરી શકે છે. આ જોગવાઈ આંતરધર્મી લગ્ન માટે ધર્માંતરણ કરનાર વ્યક્તિઓ માટે પણ લાગુ પડે છે. ગયા વર્ષે ગુજરાત હાઈકોર્ટે અને ગયા મહિને મધ્યપ્રદેશ હાઈકોર્ટે આ ઉપર સ્ટે મૂક્યો હતો. તેઓ કહે છે કે તે વ્યક્તિના ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. શું કોઈ વ્યક્તિએ તેનો ધર્મ બદલ્યો છે કે કેમ તે જાણવામાં રાજ્યનું કાયદેસરનું હિત છે ?

જસ્ટિસ દીપક ગુપ્તા : મારા મંતવ્યો ખૂબ જ સ્પષ્ટ છે. ઘણા વર્ષો પહેલા, હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે, મેં સમાન જોગવાઈ સાથે વ્યવહાર કર્યો હતો અને તેને બંધારણનું ઉલ્લંઘન ગણાવ્યું હતું અને કહ્યું હતું કે તે ગોપનીયતાના અધિકાર ઉપર આક્રમણ છે. સરકારને તમારો અથવા મારો ધર્મ શું છે તે શા માટે જાણવું છે ? શું આપણે, ભારત જેવા દેશમાં, શું એ જાહેર કરવા માટે બંધાયેલા છીએ ? શું આપણી ધાર્મિક માન્યતાઓ છે ? આપણી કોઈ ધાર્મિક માન્યતાઓ ન હોઈ શકે, આપણે અજ્ઞેયવાદી હોઈ શકીએ, નાસ્તિક હોઈએ, આસ્તિક હોઈએ, આપણે કર્મકાંડવાદી ન હોઈએ પણ આધ્યાત્મિક હોઈએ. હિંદુ ધર્મમાં પણ જીવન જીવવાની ઘણી જુદી જુદી રીતો છે. લગભગ ૨-૩ દાયકાઓ પહેલા, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે કલમ ૨૫ જે તમારા ધર્મના પ્રચારનો અધિકાર આપે છે તેમાં ધર્માંતરણનો અધિકાર સામેલ નથી. જો હું પુખ્ત હોઉં તો મારે શા માટે કોઈની પરવાનગી લેવી જોઈએ ? મારે મારા માતા-પિતાની પરવાનગી લેવાની જરૂર નથી. જો સરકારનો હેતુ એ છે કે આપણે લોકોની સુરક્ષા કરવી છે, તો તેઓ ઉપદ્રવ કરી રહ્યા છે કારણ કે તેનાથી વધુ નુકસાન થશે. એવા લોકો છે જેઓ ખૂબ જ અંગત કારણોસર જેમ કે પ્રેમ, વ્યક્તિગત પસંદગી અથવા અન્ય કોઈ કારણસર તેમની શ્રદ્ધા બદલવા માંગે છે. પૃથ્વી ઉપર રાજ્યને કેવી રીતે અધિકાર છે ? મને આશ્ચર્ય થાય છે કે રાજ્યને મારી જાતિ પણ કેમ જાણવી જોઈએ, તેઓ તેનાથી સંપૂર્ણપણે નિષ્પક્ષ હોવા જોઈએ. શું આપણે બહુમતીથી શાસિત થવું છે કે કાયદાના શાસનથી ?

**ધર્માંતરણ વિરોધી કાયદાઓમાં ‘‘પ્રલોભન’’નો ખ્યાલ અસ્પષ્ટ રાખવામાં આવ્યો છે**

શ્રી સેબાસ્ટિયન: ‘‘ચર્ચાનું બીજું પાસું આકર્ષણ છે. બળપૂર્વક ધર્માંતરણ ન થવું જોઈએ, બળપૂર્વક અથવા બળજબરીથી કોઈનું રૂપાંતર ન કરવું જોઈએ. પરંતુ મોટાભાગના રાજ્યોમાં પ્રલોભન સંબંધિત આ જોગવાઈ છે. તેની વ્યાખ્યા એકદમ વ્યાપક અને અસ્પષ્ટ લાગે છે. કોઈ વ્યક્તિ ગમે તે કારણોસર તેનો ધર્મ બદલી શકે છે, અને જો કોઈ વ્યક્તિ નાણાંકીય લાભ માટે તેનો ધર્મ બદલી રહ્યો હોય, તો તે નૈતિક રીતે ચર્ચાસ્પદ મુદ્દો હોઈ શકે છે, તે એક તકવાદી કૃત્ય હોઈ શકે છે પરંતુ શું તે ગુનો હોવો જોઈએ ? શું તે કરવા માટે વ્યક્તિને દંડ થવો જોઈએ ? શું તેમાં રાજ્યનું હિત છે ?’’

જસ્ટિસ ગુપ્તા : ‘‘મોટાભાગના કાયદાઓમાં લાલચ શબ્દ અસ્પષ્ટ છોડી દેવામાં આવ્યો છે. ધારો કે કોઈ ધર્મનું એક મિશન હોસ્પિટલ અથવા શાળા ચલાવી રહ્યું છે અને તેઓ તમને બળજબરીથી આવીને ધર્મ પરિવર્તન કરવા માટે કહેતા નથી, જો તમને આ શાળામાં જોડાવું છે અથવા તબીબી સંસ્થામાં જવું છે, પરંતુ ત્યાં જે કામ થઈ રહ્યું છે તે જોયા પછી, કદાચ તમને સારવાર અને અભ્યાસ મળ્યો, તો તમને તમારો ધર્મ બદલવાનું મન થાય, જે તમે પુખ્ત વયના હો ત્યાં સુધી તમારી પસંદગી છે. હું સગીરોમાં તેમનો ધર્મ બદલવાની વાત કરતો નથી કારણ કે તે વિવાદાસ્પદ હોઈ શકે છે પરંતુ જો તમે પુખ્ત વયના છો અને જો તમે તમારો ધર્મ બદલવાનું નક્કી કરો છો, તો તે આકર્ષણ નથી. તમને સારી શાળામાં શિક્ષણ આપવામાં આવે છે. હું સમજી શકું છું કે તે આકર્ષણ છે જો તેઓ કહે કે જો તમે ધર્મ અપનાવો તો અમે તમને મફત શિક્ષણ આપીશું, અન્યથા નહીં તો તે ગુનાહિત કૃત્ય બની શકે છે. પરંતુ જો ધર્મથી મને ફાયદો થશે એવું વિચારીને હું ધર્મ પરિવર્તન કરૂ છું, તો મને સમજાતું નથી કે શા માટે સરકારને તેની કોઈ ચિંતા હોવી જોઈએ. શું તમને અથવા મને રાજકીય વિચારો બદલવા માટે સરકારની પરવાનગીની જરૂર છે કારણ કે અમને રાજકીય લાભ જોઈએ છે ? આપણે જોઈ રહ્યા છીએ, સંસદથી લઈને વિધાનસભાઓ અને વિધાનસભાઓ, મ્યુનિસિપલ વોર્ડ સુધીના દરેક સ્તરના ચૂંટાયેલા સભ્યો માત્ર રાજકીય લાભ માટે જ પક્ષ બદલે છે તો તમને કોઈ વાંધો નથી, તમે નથી ઈચ્છતા કે તેઓ ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી પરવાનગી લે. મારા ધાર્મિક વિચારો મારા પોતાના છે. એવું કહેવાય છે કે માણસનું ઘર તેનો કિલ્લો છે, મેં મારા ચુકાદામાં કહ્યું હતું કે માણસનું મન તેનો અભેદ્ય કિલ્લો છે જેમાં પ્રવેશવાનો કોઈને અધિકાર નથી. હું હંમેશાં મારા વિચારોમાં સાચો ન હોઈ શકું પણ મને જે લાગે છે તેના ઉપર વિશ્વાસ કરવાનો, હું જે વિચારૂ છું તેનું પાલન કરવાનો મને અધિકાર છે જ્યાં સુધી હું કોઈ અન્ય વ્યક્તિને નુકસાન પહોંચાડતો નથી. ગોપનીયતાનો અધિકાર મૂળભૂત અધિકાર તરીકે રાખવામાં આવ્યો છે. તેમાં કોઈ શંકા નથી કે દરેક મૂળભૂત અધિકારને મર્યાદિત કરી શકાય છે, તેને સીમિત કરી શકાય છે, જો તેમાં રાજ્યની સાર્વભૌમત્વ સામેલ હોય, દેશની અખંડિતતા, કાયદો અને વ્યવસ્થા કે સ્વાસ્થ્ય સામેલ હોય.

શ્રી સેબેસ્ટિયન: ‘‘તમે કહો છો કે કાયદો અને વ્યવસ્થાની સમસ્યા જાગ્રત ટોળાઓ દ્વારા બનાવવામાં આવી છે જેઓ સમસ્યા ઊભી કરી રહ્યા છે કારણ કે વ્યક્તિએ તેનો ધર્મ બદલી નાખ્યો છે ?’’

જસ્ટિસ ગુપ્તા : ‘‘કોઈપણ લોકતાંત્રિક સંસ્કારી સમાજમાં, શું આપણે ક્યારેય જાગ્રતતા વિષે વિચારી શકીએ છીએ ? શું આપણે ક્યારેય કાંગારૂ કોર્ટ વિષે વિચારી શકીએ છીએ ? જે ક્ષણે આપણે આનો સ્વીકાર કરીએ છીએ, તે ક્ષણે આપણે અરાજકતા તરફ આગળ વધી રહ્યા છીએ. કારણ કે આપણે બંધારણીય અદાલતોના વિરોધી છીએ.

**ધર્માંતરણ વિરોધી કાયદા વાસ્તવિક કારણો કરતાં રાજકીય કારણોસર લાવવામાં આવી રહ્યા છે**

શ્રી સેબાસ્ટિયન: ‘‘કેટલાક પ્રશ્નો ઊભા થયા છે, એવી ચર્ચા છે કે આ એ અતિશયોક્તિ છે કે દેશના ઘણા ભાગોમાં સામૂહિક રૂપાંતરણ ચાલી રહ્યું છે. શું તમને લાગે છે કે આવા કાયદા અતિશયોક્તિભર્યા દાવાઓ ઉપર આધારિત છે અથવા વાસ્તવિકતા કંઈક અલગ છે ?’’

જસ્ટિસ ગુપ્તા: ‘‘હું વાસ્તવિકતાઓ વિષે વાત કરવા માટે ખરેખર સક્ષમ નથી. હું ફક્ત મારા રાજ્ય હિમાચલ વિષે જ વાત કરી શકું છું. મને ખરેખર ખબર નથી કે શું થઈ રહ્યું છે. જો લોકો બળજબરી અથવા છેતરપિંડી અથવા પ્રકૃતિના આકર્ષણ દ્વારા રૂપાંતરિત કરવામાં આવે છે જેનો મેં અગાઉ ઉલ્લેખ કર્યો હતો, તે નિર્ધારિત કાયદાનું ઉલ્લંઘન હોઈ શકે છે. જો કાયદો તે હદ સુધી બનાવવામાં આવે તો તે કંઈ ખોટું નથી. પરંતુ તમે તેને તે હદ સુધી લઈ શકતા નથી કે જે વ્યક્તિ હશે ધર્માંતરણ કરે છે તે અપરાધી. અહીં, તમે ધર્માંતરણ કરનાર વ્યક્તિને ગુનેગાર બનાવી રહ્યા છો. હું આખા દેશની વાત નથી કરી શકતો પરંતુ હિમાચલમાં, મને તે સમયે ખબર હતી કે ધર્માંતરણની ટકાવારી ખૂબ જ ઓછી અને ભાગ્યે જ હતી, તે ખૂબ જ શિક્ષિત રાજ્ય છે, સાક્ષરતા દર દેશમાં સૌથી વધુ છે. એવું નથી કે લોકો ધર્મ બદલતા નથી, લોકો ધર્મ બદલે છે, લોકોના વિચારો પણ બદલાય છે, જ્યારે વિચારો બદલાય છે ત્યારે તમે વિકાસ કરો છો, તમે બધા સમય એ જ જૂના ધાર્મિક વિચારોમાં જીવી શકતા નથી. ધર્મ પણ સમય સાથે બદલાય છે. મધ્ય ભારતમાં સામૂહિક ધર્માંતરણ થયું છે, આદિવાસી વિસ્તારોમાં વધુ છે એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓને લગભગ ધર્માંતરણ માટે દબાણ કરવામાં આવી રહ્યું છે પણ મને ચોક્કસ ખબર નથી.

**સુપ્રીમકોર્ટ પાસે ધર્માંતરણ સંબંધિત પીઆઈએલને સાંભળવા કરતાં અન્ય મહત્વપૂર્ણ કેસો પણ છે**

શ્રી સેબેસ્ટિયન : ‘‘સુપ્રીમ કોર્ટ સમક્ષની હાલની કાર્યવાહીમાં, કેસના ઈતિહાસનું એક રસપ્રદ પાસું એ છે કે તે જ અરજદારે સુપ્રીમ કોર્ટમાં જ અરજી દાખલ કરી હતી જે જસ્ટિસ નરીમન સમક્ષ આવી હતી અને બેન્ચે તેને ધ્યાનમાં લેવાનો ઈનકાર કર્યો હતો અને તે પાછી ખેંચી લેવામાં આવી હતી. પછી તે દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી, જે પણ પાછી ખેંચી લેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટની વર્તમાન બેંચે કહ્યું હતું કે તે જાળવણી ક્ષમતા અંગે વિચારશે નહીં. શું તમને લાગે છે કે તે સુપ્રીમ કોર્ટની સામાન્ય પ્રક્રિયા છે ?

જસ્ટિસ ગુપ્તા : ‘‘મને આશ્ચર્ય થાય છે કે સુપ્રીમ કોર્ટ શા માટે આ પીઆઈએલ લેવી જોઈએ, મને લાગે છે કે આ પ્રકારની પીઆઈએલને ધ્યાનમાં લેવા કરતાં તેની પાસે

ઘણા અન્ય મુદ્દાઓ છે. હું માનું છું કે જો તમને અરજીમાં યોગ્યતા ન લાગે તો તેને ફગાવી દો, ‘અમે તમને બીજી કોર્ટમાં જવાની સ્વતંત્રતા આપીએ છીએ’ આ સમય અને સ્વતંત્રતાનો દુરૂપયોગ છે. શ્રી સેબેસ્ટિયન: ‘‘આર્ટિકલ ૨૫માં પ્રચારર શબ્દની મર્યાદાને લગતી બીજી ચર્ચા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે પ્રચાર એ કોઈને ધર્માંતરણ કરવાનો અધિકાર આપતું નથી. તમે શું વિચારો છો ?’’

જસ્ટિસ ગુપ્તા : ‘‘તમારી પાસે ‘ગુરૂ’ છે,૨ તમારી પાસે ‘મૌલવીઓ’ છે, તમારી પાસે ‘સાધુ’ છે જેઓ પ્રવચનો આપે છે, દરેક વ્યક્તિ તે પ્રવચનમાં જવા માટે મુક્ત છે, તે કોઈ એક ધર્મ સુધી સીમિત નથી. જો કોઈ મારી કોલોનીમાં આવે અને પ્રવચન આપે, કદાચ ખ્રિસ્તી ધર્મ કે હિંદુ ધર્મ કે શીખ અથવા ઈસ્લામ કે અન્ય કોઈ બાબત ઉપર, અને હું તેનાથી પ્રભાવિત છું, અને જો હું પુખ્ત વયનો છું, તો હું મારો ધર્મ બદલી શકું છું. તમારે એકબીજાના ધર્મને માન આપવું પડશે. તમે શાળાઓ અને કોલેજો સ્થાપી શકો છો પરંતુ તમે તેમને કહી શકતા નથી કે શાળા કે કોલેજનો લાભ લેવા તમારે તે આ ધર્મના વ્યક્તિ બનવું પડશે. બંધારણના દાયરામાં રહીને, તમે તમારા પોતાના સમુદાય માટે ચોક્કસ સંખ્યામાં બેઠકો અનામત રાખી શકો છો. હું સંમત છું કે પ્રચારમાં ધર્માંતરણનો સમાવેશ થતો નથી. મૂળભૂત રીતે, ભારતમાં હિંદુ છે પણ મહેરબાની કરીને એવું ન કહો કે અન્ય ધર્મને કોઈ સ્થાન નથી, મારી દષ્ટિએ, આપણે બધાએ સમાન રીતે સાથે રહેવાનું છે- પરંતુ નૈતિકતાથી. હિંદુ એ બિન-પરિવર્તનશીલ ધર્મ છે. શબ્દ દ્વારા ધર્માંતરણ સ્વીકારી શકાય પણ તલવારથી ધર્માંતરણ નહીં. મારો અર્થ શાબ્દિક રીતે સ્વૈચ્છિક છે પણ બળજબરી નથી.’’

એસબીઆઈના કરોડો ગ્રાહકોને મોટી ગિફ્ટ

# એસબીઆઈએ ફિક્સ ડીપોઝીટ ઉપરનાં વ્યાજ દરમાં મહત્તમ વધારો કર્યો




અમદાવાદ તા. ૧૪

બેંકે ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજ દરમાં વધારો કર્યો છે. હવે SBIમાં ડિપોઝીટ સ્વરૂપે પૈસા રાખવા પર વધુ વ્યાજ મળશે. FD પર વધેલા વ્યાજ દરો ૨૨ ઓક્ટોબર ૨૦૨૨ થી લાગુ થશે. બેંકના આ પગલાથી આવા વધુ ગ્રાહકોને ફાયદો થશે, જેઓ ફિક્સ ડિપોઝીટના રૂપમાં થાપણો પર નિર્ભર છે. તાજેતરમાં બેંકે તેની લોન મોંઘી કરી છે. હવે તેણે ફિક્સ ડિપોઝિટ પર વ્યાજ દર વધારીને ગ્રાહકોને રાહત આપવાનો પ્રયાસ કર્યો છે.

સ્ટેટ બેંકે ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજ દરમાં મહત્તમ ૮૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. નવા દરો રૂા. ૨ કરોડથી ઓછી ડિપોઝીટ પર લાગુ થશે. SBIએ શોર્ટ ટર્મ ડિપોઝીટના વ્યાજ દરમાં ૨૧૧ દિવસથી એક વર્ષ સુધીનો આ વધારો કર્યો છે. અત્યાર સુધી ગ્રાહકોને FD પર ૪.૭૦ ટકાના દરે વ્યાજ મળતું હતું. તે હવે વધીને ૫.૫૦ ટકા થશે. આ સિવાય બેંકે અન્ય સમયગાળાની FD પર ઉપલબ્ધ વ્યાજ દરોમાં પણ વધારો કર્યો છે.

૧૮૦ થી ૨૧૦ દિવસના સમયગાળામાં પાકતી FD પરના વ્યાજ દરોમાં ૬૦ બેસિસ પોઈન્ટસનો વધારો થયો છે. બે વર્ષથી ત્રણ વર્ષથી ઓછા સમયગાળા માટે સમાન વધારો કરવામાં આવ્યો છે આ સમયગાળા માટે વ્યાજ દર ૫.૬૫ ટકાથી વધારીને ૬.૨૫ ટકા કરવામાં આવ્યો છે. ૪૬ દિવસથી ૧૭૯ દિવસની મુદતવાળી ફિકસ્ટ ડિપોઝીટ વ્યાજદરમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે અને હવે તે ૪.૫૦ ટકા છે.

એક બે વર્ષથી ઓછી મુદ્દતવાળી FD પર વ્યાજ દર ૫.૬૦ ટકાથી વધારીની ૬.૧૦ ટકા કરવામાં આવ્યો છે. SBI એ સાત દિવસથી ૪૫ દિન સુધીની મુદ્દતવાળી FD પર વ્યાજ દર ત્રણ ટકા રાખ્યો છે. તેમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવામાં આવ્યો નથી.

તાજેતરમાં SBI એ તેના માર્જીનલ કોસ્ટ ઓફ ફંડ્સ આધારિત લેન્ડિંગ રેટમાં વધારો કર્યો છે. જેના કારણે તમામ પ્રકારની લોન મોંઘી થઈ ગઈ છે લોકોની ઈએમઆઈ પણ વધી ગઈ છે. ફુગાવાને કાબૂમાં રાખવા માટે રિઝર્વ બેંકે આ વર્ષના મે મહિનાથી અત્યાર સુધીમાં ચાર વખત રેપો રેટ વધાર્યો છે. જેમાં કારણે બેંકના વ્યાજદરમાં ફેરફાર થઈ રહ્યો છે.

# નવી પેન્શન યોજનામાં ફેરફાર કરવા સરકારની વિચારણા




નવી દિલ્હી તા. ૧૪

નેશનલ પેન્શન સ્કીમમાં ફેરફાર કરવાડ ઉપર સરકાર વિચાર કરી રહી છે. સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર, સરકાર જૂની પેન્શન યોજનાની કેટલીક જોગવાઈઓને સામેલ કરવા ઉપર વિચાર કરી રહી છે. જાણકારી અનુસાર, નવી પેન્શન યોજનાને હિમાચલમાં હારનું કારણ માનવામાં આવી રહ્યુ છે. રાજસ્થાન, છત્તીસગઢ, ઝારખંડ, પંજાબમાં જૂની પેન્શન યોજનાને શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

પેન્શન યોજનાની તર્જ પર, નવી પેન્શન યોજનામાં રકમ નક્કી કરવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. જૂની પેન્શન યોજનામાં રિટાયરમેન્ટ પછી છેલ્લા પગારના ૫૦ ટકા પેન્શન મળેછે. પેન્શન યોજનામાં ફેરફારનો ભારે રાજનૈતિક દબાવ સરકાર પર છે.

નવી પેન્શન યોજનાની જગ્યાએ સરકારી કર્મચારીઓ જૂની પેન્શન યોજનાને સહમતી આપવાની માંગ પર અડગ છે. વાસ્તવમાં આ કર્મચારીઓનું માનવુંછે કે જૂની પેન્શન યોજના, એનપીએસથી વધારે સારી છે. વાસ્તવમાં જાન્યુ ૨૦૦૪માં નવી પેન્શન યોજના લાગૂ કર્યા પછી ઓપીએસને ખત્મ કરવામાં આવ્યો હતો. જૂની પેન્શન યોજના હેઠળ જ્યારે કમચારી રિટાયર થાય છે ત્યારે તેને છેલ્લા પગારના ૫૦ ટકા રકમની ચૂકવણી પેન્શન તરીકે કરવામાં આવે છે.

જૂની પેન્શન યોજના કે ઓપીએમ સરકારી કર્મચારીઓને વધારે વિશ્વાસ અને સુરક્ષા પ્રદાન કરે છે. કારણ કે, આમાં સરકારની તરફથી નક્કી લાભ આપવામાં આવે છે. પરંતુ ૨૦૦૪માં તત્કાલીન યુપીએ સરકારે ઓપીએસને તે કહીને બંધ કરી દીધું હતુ કે, તેનાથી સરકારના ખજાના પર ભાર વધે છે. એટલા માટે સરકારે તેનું જોખમ કર્મચારીઓ પર નાખ્યું છે.

# ૨૫ દિવસ બાદ ચંદ્ર ઉપરથી પરત ફર્યું નાસાનું ઓરિઓન કેપ્સ્યુલ, હવે માનવને મોકલશે





નવી દિલ્હી તા. ૧૪

યુએસ સ્પેસ એજન્સી નાસાની ઓરિયન કેપ્સ્યુલ રવિવારે પરત ફર્યું હતું તેને સુરક્ષિત રીતે મેક્સિકો નજીક પેસિફિક મહાસાગરમાં ઉતારવામાં આવ્યું હતું. પ્રારંભિક અહેવાલ મુજબ, નાસાનું આ મિશન સફળ રહ્યું છે. જો કે, આ અંગે વધુ અભ્યાસની જરૂર છે.

આ કેપ્સ્યુલને ચંદ્ર પર પરીક્ષણ ફ્લાઈટ તરીકે મોકલવામાં આવી હતી. તેથી જ તેના ઉપર કોઈ માણસ ન હતો. પરંતુ આગામી દિવસોમાં આના દ્વારા અવકાશયાત્રીઓને ચંદ્ર ઉપર મોકલવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે વર્ષ ૨૦૨૫ અથવા વર્ષ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થઈ જશે.

નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA) ને તેના સફળ લેન્ડિંગની જરૂર હતી જેથી તે તેની ઓરિઅન ફ્લાઈટની દિશામાં આગળ વધી શકે જે ૨૦૨૪ માં થશે. આ ફ્લાઈટમાં ચાર અવકાશયાત્રીઓ જશે. આ પહેલા ૫૦ વર્ષ પહેલા અવકાશયાત્રીઓ ચંદ્ર પર ગયા હતા. કેપ્સ્યુલ પૃથ્વી પર ૪૦,૦૦૦ km/h (૨૫,૦૦૦ mph) - એટલે ધ્વનિની ૩૨ ગણી ઝડપે પહોંચી. તેથી, તેની ઝડપ ઘટાડવા માટે, પાણીમાં પડતા પહેલા પેરાશૂટ ખોલવામાં આવ્યું હતું અને તે સુરક્ષિત રીતે નીચે આવી ગયું હતું.

યુએસ નેવીના જહાજો પેસિફિક મહાસાગરમાં પહેલેથી જ તૈનાત હતા. આ સિવાય હેલિકોપ્ટર દ્વારા પણ ઓરિયન પર નજર રાખવામાં આવી રહી હતી. આ કેપ્સ્યુલને દરિયામાંથી ખૂબ જ સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી હતી. હવે તેને નાસાના હેડક્વાર્ટરમાં પરત મોકલવામાં આવશે.

ઓરિઅન ૧૬ નવેમ્બરના રોજ નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી ચંદ્ર ઉપર ઉડાન ભરી હતી અને પૃથ્વી પર પાછા ફરતા પહેલા ચંદ્રની પરિક્રમા કરવામાં લગભગ એક સપ્તાહ ગાળ્યો હતો. જો આ મિશન સફળ થશે તો નાસા ૨૦૨૪માં ચંદ્રની આસપાસ અવકાશયાત્રીઓ મોકલવાનું મિશન પાર પાડશે. આ પછી, નાસા ૨૦૨૫ માં ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક એક વાહનને લેન્ડ કરવાનો પ્રયાસ કરશે. નાસા માટે આ મિશન ખૂબ જ મહત્વપૂર્ણ છે. કેપ્સ્યુલ સુરક્ષિત રીતે નીચે આવ્યા બાદ જ ભવિષ્યમાં અવકાશયાત્રીઓને ચંદ્ર ઉપર મોકલવામાં આવશે. આવી કેપ્સ્યુલ સાથે માણસોને ત્યાં મોકલવામાં આવશે.

# મારૂતિ સુઝુકીએ દેશની પ્રથમ માસ સેગમેન્ટ ફ્લેક્સ ફ્યુઅલ પ્રોટોટાઈપ કાર લોન્ચ કરી



નવી દિલ્હી તા. ૧૪

દેશની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારૂતિ સુઝુકીએ સોમવારે દેશની પ્રથમ માસ સેગમેન્ટ ફ્લેક્સ ફ્યુઅલ પ્રોટોટાઈપ કાર લોન્ચ કરી છે. કંપનીએ પોતાની લોકપ્રિય કાર મારૂતિ વેગનઆરમાં આ ફ્લેકસ ફ્યુઅલ એન્જિન તૈયાર કર્યું છે. કાર લોન્ચિંગ દરમ્યાન કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરી પણ હાજર હતા.

સરકારની સ્વચ્છ અને હરિયાળી પહેલને અનુરૂપ, વેગનઆર ફ્લેક્સ ફ્યુઅલ પ્રોટોટાઈપને ૨૦ ટકા અને ૮૫ ટકા ઈંધણ વચ્ચેના કોઈપણ ઈથેનોલ-પેટ્રોલ મિશ્રણ પર ચલાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ કારને સ્થાનિક રીતે સુઝુકી મોટર કોર્પોરેશન અને મારૂતિ સુઝુકીના એન્જિનિયરો દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.

વેગનઆર ફ્લેક્સ ફ્યુઅલ પ્રોટોટાઈપને ખાસ કરીને ઈથેનોલ-બ્લેન્ડેડ પેટ્રોલ માટે ડિઝાઈન કરાયેલું અદ્યતન એન્જિન મળે છે. એન્જિનને ઈથેનોલ બ્લેન્ડ્સ, કોલ્ડ સ્ટાર્ટ સહાય માટે ગરમ ઈંધણ રેલ્સ અને ઈથેનોલ ટકાવારી શોધવા માટે ઈથેનોલ સેન્સર સાથે સુસંગત બનાવવા માટે નવી ઈંધણ સિસ્ટમ તકનીક બનાવવામાં આવી છે. વધુમાં, એન્જિનની સાથે વાહનની ટકાઉપણાને ધ્યાનમાં રાખીને, અન્ય યાંત્રિક ઘટકો જેવા કે એન્જિન મેનેજમેન્ટ સિસ્ટમ, અપગ્રેડેડ ફ્યુઅલ પંપ અને ફ્યુઅલ ઈન્જેકટરને અપડેટ કરવાની સાથે વિકસાવવામાં આવ્યા છે.

મારૂતિ સુઝુકીએ કહ્યું કે, તેણે બીએસ ૬ VuI-II ઉત્સર્જન ધોરણોનું પાલન કરવા માટે એન્જિન મેનેજમેન્ટ સિસ્ટમ વ્યૂહરચના અને એડમિન સેકટરલ સિસ્ટમ્સ વિકસાવી છે. કાર નિર્માતાએ જણાવ્યું હતું કે, ભારતીય પરિસ્થિતિઓ માટે આ પ્રકારની ટેકનોલોજીનો પ્રથમ વખત વિકાસ અને કડક ઉત્સર્જન ધોરણોને પૂર્ણપણે પૂર્ણ કરવા માટે, મારૂતિ સુઝુકીએ ભારતીય બજારમાં ભારતીય ઈથેનોલ-મિશ્રિત બળતણ સાથે આ ટેકનોલોજીનું વ્યાપક મૂલ્યાંકન હાથ ધર્યું છે.

# ૨૦૦૯થી ૨૦૨૨ સુધીના સમયગાળામાં સરકારે ૩૦ હજારથી વધુ વેબસાઈટ અને યુઆરએલ બ્લોક કર્યા

નવી દિલ્હી તા. ૧૪

સરકારે ૨૦૦૯થી અત્યાર સુધીમાં ૩૦,૦૦૦થી વધુ વેબસાઈટ્સ, સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને એકાઉન્ટ્સ બ્લોક કર્યા છે. આ માહિતી માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે સંસદમાં એક લેખિત જવાબમાં આપી હતી. આપને જણાવી દઈએ કે તાજેતરમાં જ કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે સંસદમાં માહિતી આપી હતી કે સરકારે અત્યાર સુધીમાં યુઝર્સના ડેટાને કથિત રીતે એકત્ર કરવા અને તેને દેશની બહારના સર્વર ઉપર અનધિકૃત રીતે ટ્રાન્સમિટ કરવા બદલ ૩૪૮ એપ્સને બ્લોક કરી દીધી છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે સંસદમાં માહિતી આપી હતી કે સરકારે ૨૦૦૯થી ઓક્ટોબર ૨૦૨૨ સુધી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સાથે ૩૦,૪૧૭ વેબસાઈટ્સ, યુઆરએલ, વેબપેજ અને સોશિયલ મીડિયા પોસ્ટ્સને બ્લોક કરી છે. આ કાર્યવાહી ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૯A હેઠળ કરવામાં આવી છે.

માહિતી આપતાં કેન્દ્રીયમંત્રી અનુરાગ સિંહ ઠાકુરે કહ્યું કે આ વર્ષે દેશમાં લગભગ ૧૦૪ યુટ્યુબ ચેનલો બંધ કરવામાં આવી છે. યુટ્યુબ ચેનલોની સાથે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ બ્લોક કરી દેવામાં આવ્યા છે. પ્રતિબંધ લગાવેલી યુટ્યુબ ચેનલો પર વ્યુઅરશિપ ૬૮૦ મિલિયનથી વધુ હતી. ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થામાં ભારતની છબીને નુકસાન પહોંચાડવાના આરોપોને કારણે આમાંથી ઘણી ચેનલો બ્લોક કરવામાં આવી છે. આ કાર્યવાહી આઈટી એકટ ૨૦૨૧ હેઠળ કરવામાં આવી છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે અત્યાર સુધીમાં લગભગ ૩૪૮ મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. આમાંથી મોટાભાગની ચીની એપ્સ હતી. આ એપ્સ કથિત રીતે યુઝર્સના ડેટા અને અંગત માહિતી એકત્ર કરી રહી હતી અને તેને અનધિકૃત રીતે દેશની બહાર મોકલી રહી હતી. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે બુધવારે સંસદમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે ગૃહ મંત્રાલય (MHA) એ ૩૪૮ મોબાઈલ એપ્લિકેશન્સની ઓળખ કરી હતી જે વપરાશકર્તાની માહિતી એકઠી કરી રહી હતી અને તેને પ્રોફાઈલિંગ માટે દેશની બહાર સ્થિત સર્વર પર અનધિકૃત રીતે ટ્રાન્સમિટ કરી રહી હતી. અત્રે જણાવી દઈએ કે આ પહેલા પણ ભારત સરકારે ૧૯ જુલાઈ ૨૦૨૨ના એક મોટી કાર્યવાહી કરતા ૭૮ યુટ્યુબ ચેનલ અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા હતા.

# ખાદ્ય પદાર્થોનો બગાડ અટકાવવા માટે ભારતીય ખેડૂતો સૌર ઊર્જાથી ચાલતા કોલ્ડ સ્ટોરેજની મદદ લઈ રહ્યા છે

મિઝોરમ તા. ૧૪

લાલમુઆંકિમી બાવિટલુંગ માટે તેણીની વાર્ષિક નારંગીની લણણી વેચવીએ ગરમીને હરાવવા માટે સમય સામેની રેસ છે. ઉત્તર પૂર્વ ભારતમાં એક ગામમાં નાનકડો પ્લોટ ધરાવતી આ મહિલાએ ગયા વર્ષે તેના ૩૫૦ કિલોના પાકમાંથી ત્રીજા ભાગનો પાક ફેંકી દીધો કારણ કે ફળ વધુ પાકેલા અથવા સડેલા હતા અને તે વેચી શકાય તેમ ન હતા. તેણીએ જણાવ્યું હતું કે અમને હંમેશા સંતરાનો ગમે તેટલી કિંમતે નિકાલ કરવાની ઉતાવળ હોય છે. અમે શક્ય તેટલો બગાડ અટકાવવા માટે અને વધતી ગરમીને લીધે તે બગડી ન જાય તે માટે આવું કરીએ છીએ. પરંતુ હવે આવા ખેડૂતો માટેની સંભાવનાઓ વધુ ઉજ્જવળ છે કારણ કે રાજ્ય સરકારે જાન્યુઆરીમાં નજીકના ગામ ખાવઝલમાં ખેત પેદાશો માટે ૧૦ ટનનું સૌર ઊર્જા સંચાલિત કોલ્ડ સ્ટોરેજ યુનિટ સ્થાપિત કર્યું છે. તેમાં સૌર ઉર્જાનો ઉપયોગ કરીને છ કલાકમાં પાણીને બરફમાં રૂપાંતરિત કરવા માટે આઈસ બેટરી ટેકનોલોજી અથવા થર્મલ એનર્જી સ્ટોરેજનો ઉપયોગ કરવામાં આવે છે.

મિઝોરમ સાયન્સ, ટેક્નોલોજી અને ઈનોવેશન કાઉન્સિલે કોલ્ડ ચેઈન કંપની ઈન્ફીકોલ્ડ સાથે ૨.૨ મિલિયન રૂપિયા ($27,100)ની સુવિધા સ્થાપવા માટે કામ કર્યું હતું, જે આ વિસ્તારના કેટલાક ગામોમાં લગભગ ૨૩૫ ખેડૂતો માટે આશીર્વાદ છે. તેનો અર્થ એ થયો કે હવે ખેડૂતો ફેબ્રુઆરીમાં તેની છેલ્લી લણણીની નારંગીનો સંગ્રહ કરી શકે છે. તેણીએ ઓગસ્ટમાં કોલ્ડ સ્ટોરેજમાંથી ફળ બહાર કાઢ્યા જ્યારે તેની સિઝન ન હતી અને તેને ૨૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચી હતી જે સામાન્ય ભાવ કરતાં પાંચ ગણી કિંમત છે. તેણી કહે છે કે, કલાકોની સખત મહેનત પછી. હું હવે મારા ખેતર અને મજૂરી બંનેના ફળ મેળવી રહી છું કારણ કે ભાગ્યે જ હવે પાક બગડે છે.

જો કે ભારતમાં ઉત્પાદન માટે હજારો કોલ્ડ સ્ટોરેજ સુવિધાઓ છે. ૨૦૨૦ સુધીમાં લગભગ ૮,૨૦૦ છે પણ આ એકમો સૌર દ્વારા સંચાલિતને બદલે વીજળીના ગ્રીડ સાથે જોડાયેલા છે. ખેતીના હિમાયતીઓ અને બિન-સરકારી સંગઠનો કહે છે કે ઘણા નાના-નાના ખેડૂતો માટે એકમોની ઉર્જાનો ખર્ચ ઘણો ઊંચો છે. જ્યારે તેઓને બેક-અપ તરીકે મોંઘા અને પ્રદૂષિત ડીઝલ જનરેટર પર આધાર રાખવો પડે છે. હવે વધુ કંપનીઓ અને નાગરિક સમાજ જૂથો સરકારી ભંડોળ દ્વારા હવે દેશભરમાં સૌર દ્વારા સંચાલિત કોલ્ડ સ્ટોરેજ એકમો સ્થાપવા માટે કામ કરી રહ્યા છે. સરકારે અનેક નીતિઓ અને કાર્ય યોજનાઓ અમલમાં મૂકી છે અને ખાદ્યપદાર્થોના બગાડને ઘટાડવાની ઝુંબેશના ભાગરૂપે દેશભરમાં કોલ્ડ ચેઈન સિસ્ટમ્સ વિકસાવવા માટે





સબસિડી પ્રદાન કરી છે. યુનાઈટેડ નેશન્સે અનુમાન લગાવ્યું છે કે ભારતમાં ઉત્પાદિત લગભગ ૪૦% ખાદ્યપદાર્થો દર વર્ષે વેડફાઈ જાય છે જેનું મૂલ્ય અબજો રૂપિયાનું હોય છે. પરંતુ તે માત્ર આર્થિક સમસ્યા જ નથી. ઈજિપ્તમાં COP 27 આબોહવા સમિટમાં યુએનના અહેવાલ મુજબ, વૈશ્વિક ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ખાદ્ય કચરો લગભગ ૮% હિસ્સો ધરાવે છે. જેમાં કહેવામાં આવ્યું હતું કે કોલ્ડ ચેઈન "આબોહવા અને ખાદ્ય કટોકટી"નો સામનો કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. ભારતમાં વધુને વધુ આત્યંતિક હવામાન હોય છે. પૂરથી દુષ્કાળ સુધી અને આબોહવા પરિવર્તનને કારણે વધતા જતાં તાપમાન સાથે, ખેડૂતો તેમના પાક અને બગાડ વિષે વધુને વધુ ચિંતિત છે. ઘણા ખેતરો ગ્રીડ સાથે જોડાયેલા નથી અને પાવર માટે ડીઝલ ઉપર આધાર રાખે છે તે જોતાં, સ્વચ્છ ઉર્જા નિષ્ણાંતો કહે છે કે કોલ્ડ સ્ટોરેજ સિસ્ટમ્સ જેવા સોલાર સોલ્યુશન્સ માત્ર ખેડૂતોની આવકમાં સુધારો કરશે નહીં પરંતુ કૃષિ ક્ષેત્રને હરિયાળી બનાવવામાં પણ મદદ કરશે.

**Inficold**ના સહ-સ્થાપક અને CEO નીતિન ગોયલે જણાવ્યું હતું કે તેઓ આગામી પાંચ વર્ષમાં કંપનીના કોલ્ડ સ્ટોરેજ એકમોની કિંમત અડધા ટકા સુધી ઘટાડવાની આશા રાખે છે. **Inficold** હાલમાં ૧૯ ભારતીય રાજ્યોમાં ૧૧૬ સુવિધાઓ ધરાવે છે. જે લગભગ ૨૫,૦૦૦ ખેડૂતો માટે સ્ટોરેજ પ્રદાન કરે છે અને આ પેઢી આવતા વર્ષે એકમોની સંખ્યા બમણી કરવાની યોજના ધરાવે છે. ખાવ્ઝોલમાં કોલ્ડ સ્ટોરેજ યુનિટની સ્થાપના થતાં, ટામેટા ઉત્પાદકોને હવે તેમની તમામ ઉપજ એકસાથે કાપવાની જરૂર નથી, પરંતુ તે અઠવાડિયામાં લગભગ બે વાર ફળ લઈ શકે છે અને વધુ સારા ભાવે વેચી શકે છે. ખેડૂતો સંગ્રહ કરેલ દરેક કિલો માટે મહિને એક રૂપિયો ચૂકવે છે, જે પૈસા સુવિધાની જાળવણી અને સાફ કરવા માટે વપરાય છે. ફેડરલ સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવેલ એક કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડૂતોને મદદ કરી રહ્યું છે અને તેમની શેલ્ફ લાઈફને લંબાવવા માટે અને તે શક્ય તેટલું તાજું રહે તેની ખાતરી કરવા માટે તેમની પેદાશોને કેવી રીતે શ્રેષ્ઠ રાખવી તે અંગે તાલીમ આપી રહ્યું છે. મિઝોરમ સાયન્સ, ટેક્નોલોજી અને ઈનોવેશન કાઉન્સિલના વૈજ્ઞાનિક અધિકારી જોએલ ડેન્ટેસે જણાવ્યું હતું કે રાજ્ય ભારે વરસાદ અને ભૂસ્ખલન જેવા આબોહવા આંચકાઓ માટે સંવેદનશીલ છે જે અચાનક પાવર કટનું કારણ બને છે. આ વિસ્તારના ખેડૂતો માટે જેઓ અનાનસ, કિવી અને પપૈયા પણ ઉગાડે છે આવા કોલ્ડ સ્ટોરેજ તેમને ચારથી પાંચ દિવસનો બેક-અપ પૂરો પાડે છે કારણ કે વધુ સૂર્યપ્રકાશ ન હોય ત્યાં પણ આ સિસ્ટમ ચાલુ રહી શકે છે. આ જૂથ વધુ ગામોને આવરી લેવા માટે વધુ એકમો સ્થાપિત કરવા માંગે છે. નરસિમ્હા રેડ્ડીએ જણાવ્યું હતું કે અમારા સભ્યો આ ખર્ચને આવરી લેશે.

### ભવનાથ પોલીસની માનવતાની મહેક સમી કામગીરી

# પીએસઆઈ ચુડાસમાની સમય સુચકતાને પગલે વૃધ્ધાનું પરિવાર સાથે મિલન થયું





## વૃધ્ધ માતાને પરિવાર સાથે મેળાપ કરાવી દેતા ભવનાથ પોલીસનો હૃદયપૂર્વક આભાર માન્યો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા અવાર-નવાર માનવતાનાં કાર્યો કરવામાં આવી રહ્યા છે. રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા તેમજ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી અને ડીવાયએસપી હિતેશ ધાંધલીયાનાં વડપણ હેઠળ જીલ્લાનાં પોલીસ તંત્ર દ્વારા અવાર-નવાર જરૂરિયાતમંદ લોકોને મદદપુરી પાડી અને પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને સાર્થક કરવામાં આવે છે. દરમ્યાન ભવનાથ પોલીસ દ્વારા માનવતાનું વધુ એક કાર્ય કરેલ છે અને આ કામગીરીની સરાહના કરવામાં આવી રહી છે.

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ વિસ્તારમાં ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા કાર્યદક્ષ પીએસઆઈ મહિપતસિંહ ચુડાસમા અને તેમની ટીમ દ્વારા ભવનાથ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવતું હોય તેમજ અહીં રહેલા ધાર્મિક સ્થાનો, સંતો તેમજ પ્રવાસીજનતાની પણ અવર-જવર હોય જેથી શાંતીમય વાતાવરણ બની રહે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતી સંગીન રહે તે માટે તકેદારીનાં પગલા અવાર-નવાર લેવામાં આવતા હોય છે. આ દરમ્યાન તા.૧૨-૧૨-૨૨ના રોજ ભવનાથ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ મહિપતસિંહ ચુડાસમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ગાયત્રી મંદિર પાસે એક વયોવુધ્ધ માજી બેઠા હતા. આથી તેઓ એકલા હોય તેઓને પૂછતા તેઓએ તેમનું નામ શાંતાબેન અને ગામ જસાપર હોવાનું ફક્ત જણાવેલ બાકી તેઓને કોઈ વિગત યાદ ન હતી. આથી તે માજીને પીએસઆઇ ચુડાસમા ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયેલ અને જમાડેલ અને તેઓને વિગતવાર પૂછતા કોઈ હકીકત જણાવતા ના હોય ફક્ત ગામ અને પોતાનું નામ જણાવતા હોય આથી પીએસઆઇ ચુડાસમાએ ગૂગલમાં જસાપર ગામના સર્ચ કરતા ઘણા બધા જસાપર ગામ આવેલ તે પૈકી અલગ અલગ ગામેથી કોન્ટેક નંબર મેળવી અને જાણ કરતા અનેફોટા મોકલેલા હતા. તેમાંથી સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના જસાપર ગામના સરપંચનો કોન્ટેકટ થતા તેઓએ જણાવેલ કે આ માજી પોતાના ગામના છે અને તેમના દીકરાનું નામ ધનશ્યામભાઈ ડાયાભાઈ પરાડિયાછે. આથી તેઓના નંબર મેળવી તેવોનો કોન્ટેક્ટ કરી જૂનાગઢ ખાતે ભવનાથ બોલાવેલ અને ત્યાં સુધી માજીને ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ હતા. તેમને આશ્વાસન આપવામાં આવેલ ચા-પાણી, નાસ્તો કરવામાં આવેલ હતો. ત્યારબાદ તેમના દીકરા ઘનશ્યામભાઈ પરાડિયા તથા તેમના પત્ની તેઓને લેવા આવતા અને આ તેમના માતા શાંતાબેન ઉંમર વર્ષ ૯૦ વાળા હોવાનું જણાવેલ હતું. આથી તા.૧૩-૧૨-૨૨ના રોજ તેમના પુત્રને સોંપી આપેલ છે અને માતા પુત્ર એકબીજાને ભેટી પડેલ હતા. જો પીએસઆઈ ચુડાસમાએ સમય સૂચકતા ન વાપરી હોત તો માજી ભવનાથ અને ગિરનારની ઠંડીમાં હેરાન પરેશાન પણ થાત અને કોઈ જંગલી જનાવર પણ તેમને હેરાન કરત પરંતુ પીએસઆઈ ચુડાસમાની સતર્ક નજરે આવતા તેઓએ એક માનવતા ભર્યું કામ કર્યું છે. પીએસઆઈ ચુડાસમાએ ઘનશ્યામભાઈને પણ આવા વયોવૃધ્ધ માતાનો ખ્યાલ રાખવા અને એકલા ઘરેથી ન નીકળી જાય તેનું ધ્યાન રાખવા સમજ આપી હતી. પોલીસ પ્રજાનો મિત્ર છે તે ફરીવાર સાર્થક કર્યું છે. આ તકે ઘનશ્યામભાઈએ જૂનાગઢ પોલીસનો આભાર માનેલ છે.

# મેડીકલ ઓફીસર ડો. રવિ ડેડાણીયાની જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં થયેલી બદલી વિરૂધ્ધ વાંધા અરજી

## તુષાર સોજીત્રાએ સંબંધિત અધિકારીઓને પાઠવેલ પત્રમાં તત્કાલ કાર્યવાહી કરવાની માંગણી કરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ મનપામાં તત્કાલીન મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતાં ડો. રવિ ડેડાણીયાની જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં થયેલ બદલી અંગે ગંભીર પ્રકારનાં આક્ષેપો કરી અને આ બદલી વિરૂધ્ધ વાંધા-અરજી તુષાર સોજીત્રાએ રજુ કરી છે. આરોગ્ય વિભાગનાં અગ્ર સચિવ, પ્રાદેશિક નાયબ નિયામકશ્રી તેમજ મુખ્ય જીલ્લા તબીબી અધિકારી જૂનાગઢને એક પત્ર પાઠવીને આ બાબતે તત્કાલ કાર્યવાહી કરવા રજુઆત કરીછે.

તુષાર પ્રવિણભાઈ સોજીત્રાએ સંબંધિતોને મોકલેલી વાંધા-અરજીમાં જણાવેલ છે કે જૂનાગઢ મનપામાં મેડીકલ ઓફીસર દરજજે ફરજ બજાવનાર તત્કાલીન અધિકારી ડો. રવિ ડેડાણીયા દ્વારા કર્મચરીઓને કાયમી કરવા માટે અને ફુલ પગાર કરવા માટે તત્કાલીન કમિશ્નર વિષ્ણુકુમાર રાજપુતવતી લાંચ લઈ ગુનો કરવા બાબતે મળેલી હકીકતનાં આધારે જૂનાગઢ એસીબી દ્વારા કરાયેલી ફરીયાદનાં આધારે કાયદાકીય કાર્યવાહી ચાલુ છે.

વધુમાં જાણવા મળેલી માહિતી મુજબ જૂનાગઢ મનપામાં અર્બન હેલ્થ સોસાયટી ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ કે જેમાં રાજય કક્ષાએથી તથા વિભાગીય કક્ષાએથી આપેલ સુચના તથા માર્ગદર્શન મુજબ ચેનલવાઈઝ અને ફેસેલીટીવાઈઝ મંજુર થયેલ બજેટ ડીસ્ટ્રીબ્યુટ કરવાનું હોય છે. જે મુજબ નહી કરી સીપીએમસીની ખરીદી યુપીસીએચની કક્ષાએથી કરવામાં આવેલ છે. તદ ઉપરાંત ખરીદી અંગે કોઈ ફાઈલ પ્રક્રિયા પણ થયેલ નથી. સીપીએમયુ માટે થતી ખરીદી અંગે ફાઈલ ઉપર યોગ્ય મંજુરી મેળવવાની તેમજ ઈન્ડેંટની ચુકવણા માટેની કોઈ પધ્ધતિ અમલમાં મુકેલ નથી. જે દર્શાવે છે કે નામદાર સરકાર દ્વારા નકકી કરવામાં આવેલ ધારાધોરણ મુજબનું અમલીકરણ નહી કરી અને ચોખ્ખી બકેદરકારી દાખવવામાં આવેલ છે. આ તમામ બાબતે વિભાગીય કચેરી, ભાવનગરથી તપાસ કરવામાં આવતા અને કોઈપણ દંડ નહી કરી અને છાવરવામાં આવેલ છે તેમજ ડો. રવિ ડેડાણીયાને અગાઉ થયેલ બદલી મુજબ જૂનાગઢ મનપાએથી બદલી થયેલ જગ્યા ઉપર મોકલી આપવામાં આવેલ છે. અહી નાયબ નિયામક વિભાગીય કચેરી ભાવનગરની તપાસ અંગેની કાર્યવાહી શંકા ઉપજાવતી હોય જે અંગે ખાતાકીય તપાસ કરવી જરૂરી છે.

વધુમાં ડો. રવિ ડેડાણીયા કે જેની બદલી ત્રણ વર્ષ પહેલા દાહોદ થયેલ હોય તેમ છતાં આશરે ત્રણ માસ પહેલા જ હાજર થયેલ છે શા માટે ? ડો. રવિ ડેડાણીયા કેટલા સમય ફરજ ઉપર હાજર રહયા ? તેમજ ડો. રવિ ડેડાણીયાની બીમારી અંગેનાં રીપોર્ટની ખરાઈ તેમજ હકીકતની તપાસ પણ જરૂરી છે. હાલમાં ડો. રવિ ડેડાણીયા જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં ફરજ બજાવે છે. ફકત ત્રણ માસમાં એમની બદલી ફરી જૂનાગઢ શા કારણે થયેલ છે ? આ બદલી અંગે અનેક અરજીઓ થતી હોય છે પરંતુ ડો. રવિ ડેડાણીયા ઉપર કયા કયા અધિકારીઓની મીઠી નજર રહી છે ? આ બધી હકીકત પરત્વે ગંભીરતા દાખવી અને નિષ્પક્ષ તેમજ ન્યાયીક તપાસની માંગણી તુષાર સોજીત્રાએ કરી છે.

# જૂનાગઢની યુવતીને ભોળવી યુપીના બરેલી ખાતે બોલાવનાર આરોપીની કડક પુછપરછ

## યુવતીને મોકલેલ ઘેનની ગોળીઓ વગેરે મુદે તપાસ હાથ ધરાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢની એક યુવતીને ભોળવીને ઉતરપ્રદેશના બરેલી ખાતે બોલાવનાર આરોપીને પોલીસે ત્રણ દિવસનાં રીમાન્ડ ઉપર મેળવીને પૂછપરછ અને તપાસ હાથ ધરી છે. જૂનાગઢમાં મોતીબાગ સામે આવેલ રાધાકળષ્ણ નગરમાં રહેતા એક નોકરિયાત પરિવારની કોલેજીયન દીકરી યુપીના બરેલીનો રાહતએહમદ નફીસએહમદ ખાન નામના શખ્શ સાથે ઈન્સ્તાગ્રમનાં માધ્યમથી પરિચયમાં આવેલ. આ ૨૧ વર્ષીય યુવતી ગત તા.૭ના રોજ તેના માતા-પિતાને જમવા માટે રાહતએહમદે બરેલીથી મોકલેલ ઘેનની ગોળીઓ ભેળવેલી રસોઈ બનાવી હતી. આ ભોજન લેતા માતા-પિતા સુઈ જતા દીકરી ઘરમાંથી હાથફેરો કરીને ગાયબ થઈ ગઈ હતી. ઘરમાંથી ૩ મોબાઈલ, તમામ પાસવર્ડની અંગત ડાયરી, અલગ અલગ બેંકના ૧૧ જેટલા એટીએમ અને ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ અને પોતાના ડોકયુમેન્ટની પર્સનલ ફાઈલ સાથે દીકરી જતા રહી હતી. જોકે રેંજ આઈજી મંયકસિંહ ચાવડાની સુચનાથી એસપી રવિ તેજ વાસમ શેટ્ટી દ્વારા યુવતી ભાળ મેળવવા માટે પોલીસની જુદી જુદી ટુકડીની રચના કરી તપાસનો ધમધમાટ શરુ કરાયો હતો. આ દરમ્યાન યુવતીનું લોકેશન યુપીના બરેલીનું આવતા સી ડીવીઝન પોલીસ સ્ટેશનના નિલેશ ભેટારીયા, રોહિત ધાધલ તથા ચેતનસિંહ સોલંકીની એક ટીમને બરેલી મોકલી યુવતી અને બરેલીનો રાહતએહમદ નફીસએહમદ ખાનને બરેલી ખાતેથી રવિવારે જૂનાગઢ ખાતે લાવવમાં આવેલ. આ ઈસમને ગઈકાલે તપાસનીશ સી ડીવીઝન પીએસાઈ જે.એમ. વાળાએ રીમાન્ડ માટે કોર્ટમાં રજુ કરતા અદાલતે શુક્રવાર સુધીના ત્રણ દિવસના રીમાન્ડ મંજુર કરેલ. આથી સબ ઈન્સ્પેકટર વાળાએ વિધર્મીએ યુવતી પાસેથી પડાવેલ રોકડ સહિતનો મુદામાલ કબ્જે કરવા ઉપરાંત ઘેનની ગોળીઓ કયાંથી ખરીદી તથા તે કયા કુરિયર મારફત મોકલેલ વગેરે મુદે તપાસ-પુછપરછ હાથ ધરી છે.

# વંથલી : ભૂલથી જંતુનાશક દવા પી જતા ૩ વર્ષની બાળકીનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૪

વંથલીનાં દિલાવરનાગર ખાતે હાલ રહેતા નરસીભાઈ અરજણભાઈ રાઠવા(ઉ.વ.૩૫)એ પોલીસમાં એવી જાહેરાત કરી છે કે, ભીખુભાઈની વાડીએ ધાણાનાં પાકમાં જંતુનાશક દવા છાંટતા હતા તે દરમ્યાન તેમની દિકરી રીયાબેન(ઉ.વ.૩) રમતા રમતા જંતુનાશક દવાની બોટલ પડેલ હતી તે ભૂલથી પી જતા તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. વંથલી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અગ્રેસર ગુજરાતનાં સંકલ્પને સાકાર કરવા એકશન પ્લાન

## અગ્રેસર એગ્રીકલ્ચરને પ્રાધાન્ય અપાશે : કૃષિ પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૪

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજયની અવિરત વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવવાના સંકલ્પ સાથે ''અગ્રેસર ગુજરાત''ના સંકલ્પને સાકાર કરવા ''અગ્રેસર એગ્રીકલ્ચર''ને પ્રાધાન્ય અપાશે. સ્વર્ણિમ સંકુલ ગાંધીનગર ખાતે કૃષિ પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલે તેમના વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી અને અગ્રેસર ગુજરાતના નિર્માણને વેગવાન બનાવવા જરૂરી સુચનાઓ આપી હતી. તેમણે ઉમેર્યુ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજય સરકારે આપેલા સંકલ્પપત્ર મુજબ ખેડૂતો-પશુપાલકોના હિત માટે ત્વરિત કામગીરી હાથ ધરાશે. મંત્રી પટેલે સંબંધિત સચિવો અને ખાતાના વડાઓ સાથે યોજાયેલ બેઠકમાં કૃષિ વિભાગ હસ્તકની અગત્યની કામગીરી/યોજનાની સમીક્ષા કરી હતી.

જે અંતર્ગત ખાસ કરીને કાંટાના તારની વાડની યોજના, સોલર ફેન્સીંગ યોજના, તથા કૃષિ સહાય પેકેજને સાંકળી લીધેલ હતી અને તે અંતર્ગત ખેડૂતોની માંગણી અન્વયે અમલવારી તુરંત જ કરી કામગીરી પૂર્ણ કરવા ભારપૂર્વક સૂચના આપી હતી. તેમણે કૃષિ વિભાગને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી તે માટેનું તાત્કાલિક આયોજન થાય અને ત્વરિત અમલવારી માટે તેમજ ખેડૂત અકસ્માત વીમા યોજનાની સહાયમાં વધારો, કાંટાળીતારની વાડની યોજનામાં કલસ્ટરના ધોરણમાં સુધારો વગેરેની બાબતે ખૂબ જ વિસ્તૃત વિચારણા હાથ ધરીને જરૂરી બજેટ રજૂ કરવા સંબંધીતોને સૂચના આપી હતી. ડુંગળીના પ્રવર્તમાન બજાર ભાવ આધારિત સમીક્ષા કરવામાં આવી અને સંબંધિત વિભાગ આ બાબતે સતત મોનિટરિંગ કરી અને યોગ્ય સમયે જરૂરી અમલવારી કરવા સૂચના આપી હતી. મંત્રી પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ''પશુપાલન અને ગૌસંવર્ધન''ક્ષેત્રે થઈ રહેલ કામગીરીને વેગ આપવા માટે પશુપાલન અને ગૌસંવર્ધન સચિવ, પશુપાલન નિયામક અને પશુપાલન ખાતાના ઉચ્ચ અધિકારીઓ સાથે થઈ રહેલ તાંત્રિક અને યોજનાકીય કામગીરીની સમીક્ષા હાથ ધરી જરૂરી બાકી લક્ષ્યાંક વર્ષાંતે પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

તેમણે ઉમેર્યુ કે રાજય સરકારની મહત્વાકાંક્ષી એવી ''મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના''ના અસરકારક અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ વધુ સંકલન કરી વધુમાં વધુ ગૌશાળા અને પાંજરાપોળ લાભાન્વિત થાય તે દિશામાં કામગીરી કરવા અને ગ્રામ્ય વિસ્તારમાં ગૌવંશના રખડતા પશુઓના નિભાવ માટે સહાયની યોજનાનું અમલીકરણ વધુ વેગવંતુ બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીએ ઉમેર્યુ કે રાજયમાં પશુચિકિત્સા સેવાના માળખાને સુદ્રઢ બનાવવા માટે માળખાગત સુવિધા વિકસાવવા તેમજ રાજયની ગૌશાળા-પાંજરાપોળને માળખાકીય રીતે અધ્યતન અને મજબુત બનાવવા માટેના કાર્યક્રમો અમલમાં મુકવા અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરી હતી તેમજ પશુપાલન અને ગૌસંવર્ધન ક્ષેત્રે આગામી ૧૦૦ દિવસ માટે થઈ શકે તેવી કામગીરીનું આગોતરૂ આયોજન કરવા માટે પણ મંત્રીએ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

# જૂનાગઢમાં ઓનલાઈન એપ્લીકેશન દ્વારા વરલી મટકાનાં જુગાર અંગે બે સામે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગઈકાલે ઝાલોરાપા રોડ નજીકથી બે શખ્સોને ઓનલાઈન વરલી મટકાનાં જુગાર રમાડતા રોકડ તથા મોબાઈલ સાથે ઝડપી તેમનાં વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, ગઈકાલે ચોક્કસ બાતમીનાં આધારે કરેલી કાર્યવાહી દરમ્યાન મળી આવેલ હકિકતમાં આ કામનાં આરોપીઓ મોબાઈલ ફોનમાં ટીવીટર લાઈફ તથા એચએસ સાઈલન્ટ નામની એપ્લીકેશન દ્વારા ઓનલાઈન ગ્રાહકો બનાવી ગ્રાહકોને આઈડી બનાવી ગ્રાહકો પાસેથી રોકડા રૂપિયા લઈ એપ્લીકેશન મારફતે ઓનલાઈન બેલેન્સ કરી આપી એચએસ સાઈલન્ટ નામની એપ્લીકેશનમાં વરલી મટકાનાં ઓનલાઈન આંકડા લઈ જાહેરમાં ગેરકાયદેસર વરલી મટકાનાં આંક ફરકનો ઓનલાઈન જુગાર રમી રમાડી પૈસાની ઓનલાઈન હારજીત કરી રમી રમતા મોબાઈલ ફોન નંગ-૨ કિંમત રૂ.૧૮૦૦૦ તથા રોકડા રૂ.૫૦૧૦ તથા વરલી મટકાનાં આંકડા-હીશાબ લખેલ ચીઠી બોલપેનનાં મુદ્દામાલ સાથે મળી આવેલ આ બંને શખ્સો વિરૂધ્ધ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# માણાવદરનાં વેળવા ગામે રૂા. ૧.૬૫ લાખની છેતરપીંડી

(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા. ૧૪

માણાવદર તાલુકાનાં વેળવા ગામે એક ખેડૂત તેમનાં ખેતરે કામ કરતાં હતાં ત્યારે બે અજાણ્યા શખ્સોએ ખેતરમાં આવી પોતે વાછરાડાડાનાં ભુવા હોવાનું કહી આ ખેડૂતને ઘરમાં તકલીફ છે વિધિ કરવી પડશે તેમ કહી વિધિ કરવા કપડુ પાથરીને ભુવાએ રૂા. ૧૫ હજાર રોકડા તથા ડોકનો સોનાનો દાગીનો મુકાવી ખેડૂતને અને તેની પત્નીને મોઢુ ધોવાનું કહેતા તેઓ મોઢુ ધોવા લાગેલ ત્યાં સુધીમાં કોઈ ભાન ન હતું તે દરમ્યાન બંને શખ્સો ફરાર થઈ ગયા હોવાની પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. આ કિસ્સાથી અજાણ્યા લોકોને ચા-પાણી પાવાનું ટાળજો. આ બનાવથી શહેરમાં ચર્ચા જાગી ઉઠી છે.





ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત


● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા +**

યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨